RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-73 ■ DATE : 02-07-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

ખોટા આરોપની ક્યારેય ચિંતા ના કરશો કેમ કે સમયનું ગ્રહણ તો ચાંદને પણ લાગે છે...



ન્યાઝની પ્રસાદી લેવા ઉભેલા ૭ લોકોને નસેડી ઈકો કારના ચાલકે ઉલાળ્યા: ત્રણ ગંભીર P-4

# હાર્ટએટેક માટે કોવિડ વેકસીન નહી પણ લાઇફ સ્ટાઇલ જવાબદાર: ICMR

## હૃદયની માંસપેશીઓને અચાનક જ લોહી મળવાનું બંધ થવા માટે શરીરમાં અગાઉથી જ સર્જાયેલી નુકસાનકારક સ્થિતિ પણ હૃદયરોગ અથવા તો કાર્ડિયાક એરેસ્ટને નોતરે છે



**મુખ્ય સમાચાર, મુંબઇ**

હાલમાં જ કાંટા લગા ગર્લ શેફાલી જરીવાલાના અચાનક જ થયેલા મૃત્યુ પાછળના રહસ્યએ ફરી એક વખત દેશમાં આ પ્રકારે કાર્ડિયાક એરેસ્ટથી લઇને હાર્ટ એટેક સહિતના કારણે જે અચાનક જ મૃત્યુ થાય છે અને તેમાં વ્યકિતને બચાવવા માટે કોઇ તક મળતી નથી તેવી શરૂ થયેલી ચર્ચા વચ્ચે વધુ એક વખત પોસ્ટ કોવિડ કે લોંગ કોવિડને તેના માટે જવાબદાર ગણાવાઇ રહ્યુ છે.

જોકે હાલમાં જ ઇન્ડિયન કાઉન્સીલ ઓફ મેડીકલ રીસર્ચ (આઇસીએમઆર) અને નેશનલ સેન્ટર ફોર ડીસીસ કંટ્રોલ (એનસીડીસી)એ પોતાના અભ્યાસના અંતે સ્પષ્ટ કર્યુ છે કે આ પ્રકારે થતા અચાનક જ મૃત્યુ અને તેની સાથે કોવિડ-૧૯ કે તેને વેકસીનેશનને કોઇ સંબંધ નથી.

આ બંને સંસ્થાઓ દ્વારા અગાઉ પણ સ્પષ્ટ કરાયું હતું કે કોવિડ વેકસીન કે જે દેશમાં અંદાજે ૮૦ કરોડથી વધુ લોકોને ડબલ અને ત્રિપલ ડોઝ મારફત અપાઇ હતી તે અત્યંત સલામત હતી અને તેના કારણે સાઇડ ઇફેકટ કે અત્યંત ગંભીર અસર એ બહુ જવલ્લે જ કેસમાં જોવા મળી છે.

જયારે અકંદરે વેકસીન લીધા બાદ કોઇ પ્રકારે અચાનક જ મૃત્યુ થયાના કેસ નોંધાયા નથી. આઇસીએમઆર અને એનસીડીસીએ પોતાના અગાઉ પણ કરેલા અભ્યાસ અને હાલના ફરી વખત મેળવેલા તારણોને આગળ ધરીને અચાનક જ થતા મૃત્યુ પાછળ અને ખાસ કરીને ૧૮ થી ૪૫ વર્ષના યુવા વયે આ પ્રકારની સ્થિતિ સર્જાઇ છે તેના માટે લાઇફ સ્ટાઇલને વધુ જવાબદાર ગણાવી છે.

બંને સંસ્થાઓએ અલગ અલગ સંશોધનમાં પણ તથા આ પ્રકારના મૃત્યુમાં રીયલ ટાઇમ ઇન્વેસ્ટીગેશન મારફત પણ એ નિશ્ચિત કર્યુ છે કે લોંગ કોવિડની કોઇ ભૂમિકા જ નથી. આ પ્રકારના અણધાર્યા અને અચાનક મૃત્યુ અંગે નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઇપીડેમોલોજી (એનઆઇઇ)એ પોતાનો સર્વે કર્યો છે.

તે અંગે ભારતની સ્થિતિ પર એક રીપોર્ટ પણ મેથી ઓગષ્ટ, ૨૦૨૩ વચ્ચેના અભ્યાસ બાદ તૈયાર કર્યો છે. જેમાં ૪૭ અલગ અલગ હોસ્પિટલો અને કુલ ૧૯ રાજયો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આ સર્વે કરવામાં આવ્યો હતો અને તેમાં પણ એ નિશ્ચિત થયું છે કે કોવિડ-૧૯ના વેકસીનેશનની અસર તેના માટે કોઇ રીતે જવાબદાર નથી અથવા તો આ પ્રકારની વેકસીન એ યુવાઓમાં અચાનક મૃત્યુના કારણ પણ બની નથી.

આ ઉપરાંત અન્ય અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાં આ પ્રકારના અચાનક મૃત્યુના કારણો જાણવા માટે ઓલ ઇન્ડિયા ઓફ ઇન્સ્ટીટયુટ મેડીકલ સાયન્સ-નવી દિલ્હીએ આઇસીએમઆરની સાથે અભ્યાસ કર્યો હતો અને તેનું મુખ્ય કારણ યુવાનોમાં થતા અચાનક મૃત્યુના કારણ અંગે માહિતી મેળવવાનો હતો જેથી ભવિષ્યમાં તબીબી જાગૃતતા લાવી શકાય.

જેમાં એ પણ જણાવ્યું કે આ પ્રકારના પેટર્નમાં અગાઉ પણ જે મૃત્યુ થતા હતા તેમાં કોઇ મોટો ફેરફાર નોંધાયો નથી અને ખાસ કરીને આ પ્રકારન મૃત્યુમાં જીનેટીક મ્યુટેશનને સંભવિત કારણ તરીકે ગણવામાં આવ્યું છે. પરંતુ તેના પર હજુ અભ્યાસ ચાલુ છે.

જીનેટીક મ્યુટેશનએ અનુવાંશિક બદલાવ જેવી જટીલ સ્થિતિ છે અને તેને સરળ ભાષામાં સમજવી હોય તો એમ કહી શકાય કે તેમાં લોકોની ખાનપાન સહિતની પધ્ધતિઓ બદલાઇ અને લાઇફ સ્ટાઇલ પણ અલગ બની તેની અસર આ પ્રકારે જોવા મળી શકે છે.

અંતે એ પણ નિશ્ચિત કરાયું કે, રીસ્કી લાઇફ સ્ટાઇલ એ સૌથી મહત્વનું કારણ છે. પરંતુ વેકસીનેશનની તેમાં કોઇ ભૂમિકા નથી વાસ્તવમાં કોવિડ વેકસીને લાખો લોકોના જીવન બચાવ્યા હતા.

# બમ બમ ભોલેના નાદ સાથે પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, જમ્મુ**

બમ-બમ ભોલેના ઉદ્ઘોષ સાથે વાર્ષિક અમરનાથ યાત્રા આજે શરૂ થઈ. જમ્મૂ બેઝ કેમ્પથી કડક સુરક્ષા વચ્ચે પ્રથમ જૂથ બુધવારે વહેલી સવારે રવાના થયું. જમ્મૂ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પ્રથમ જૂથને લીલી ઝંડી બતાવીને રવાના કર્યું.

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ જણાવ્યું કે, આ વર્ષે પ્રથમ જૂથમાં લગભગ ૪,૦૦૦ યાત્રિકો બાલટાલ અને પહેલગામ માર્ગે રવાના થયા. સુરક્ષા માટે કડક વ્યવસ્થા કરવામાં આવી છે. દેશના વિવિધ ભાગોમાંથી શ્રદ્ધાળુઓ આ યાત્રામાં જોડાવા પહોંચ્યા છે. અમરનાથ શ્રાઇન બોર્ડે શ્રદ્ધાળુઓ માટે ઉત્તમ વ્યવસ્થા કરી છે, અને જમ્મૂ-કાશ્મીર પોલીસ સહિત અન્ય સુરક્ષા દળોએ માર્ગ પર સંપૂર્ણ સુરક્ષા સુનિતિ કરી છે. તેમણે કહ્યું કે, શ્રદ્ધાળુઓએ તાજેતરના આતંકી ખતરાઓને અવગણીને પૂર્ણ ઉત્સાહ સાથે યાત્રામાં ભાગ લીધો છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ વર્ષની યાત્રા ગત વર્ષો કરતાં વધુ સફળ અને સરળ રહેશે.

સુરક્ષા અને વ્યવસ્થા: સીઆરપીએફના આઈજી (જમ્મૂ સેક્ટર)એ જણાવ્યું કે, નવી ટેકનોલોજી અને વધુ સંખ્યામાં સુરક્ષા કર્મચારીઓ



સાથે ચોક્કસ વ્યવસ્થા કરવામાં આવી છે. કઠુઆ જિલ્લાના લખનપુર ખાતે અન્ય રાજ્યોમાંથી આવતાં વાહનોની કડક તપાસ થઈ રહી છે.

આરોગ્ય સુવિધાઓ પર ખાસ ધ્યાન: ગત વર્ષે આરોગ્ય કારણોસર ૧૦૦થી વધુ યાત્રિકોના મળત્યુ થયા હોવાથી આ વખતે ચિકિત્સકીય સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. પંજીકરણ અને આરોગ્ય પ્રમાણપત્ર વિના કોઈને યાત્રાની મંજૂરી નહીં આપવામાં આવે.

યાત્રિકોનો ઉત્સાહ: અધિકારીઓના જણાવ્યા મુજબ, ૩,૨૦,૦૦૦થી વધુ યાત્રિકોએ પંજીકરણ કરાવ્યું છે, અને વર્તમાન પંજીકરણ પણ ચાલુ છે. મોસમની અનિતિ સ્થિતિ હોવા છતાં દરેક વયજૂથના યાત્રિકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે.

યાત્રિકોનો પ્રતિસાદ: મોહાલીની રૂપા ગાંગુલીએ કહ્યું, 'હું પ્રથમ વખત આ યાત્રામાં જઈ રહી છું અને ખૂબ રોમાંચિત છું. ગુફા અને તેનો માર્ગ હજી બરફથી ઢંકાયેલો છે, જે રોમાંચક અનુભવ હશે. ગુજરાતના જતીન્દ્ર સોલંકીએ જણાવ્યું, 'હું પાંચમી વખત આ યાત્રામાં આવ્યો છું. શ્રદ્ધા અને કાશ્મીર ખીણમાં શાંતિના કારણે યાત્રિકોની સંખ્યા સતત વધી રહી છે.

યાત્રા માર્ગ અને વિશેષતા: અમરનાથ ગુફા સમુદ્ર સપાટીથી ૩,૮૮૮ મીટરની ઊંચાઈએ આવેલી છે. યાત્રા માટે બે માર્ગ છે પહેલગામ (૪૫ કિ.મી., પરંપરાગત માર્ગ) અને બાલટતાલ (ટૂંકો માર્ગ). ગુફામાં કુદરતી રીતે રચાતું વિશાળ હિમલિંગ શ્રદ્ધાળુઓ માટે મુખ્ય આકર્ષણ છે.

સુરક્ષા બંદોબસ્ત: સીઆરપીએફની ૩૫૦ ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે, જેમાં ૫૨ ટુકડીઓ જમ્મૂમાં અને બાકીની કાશ્મીર ખીણમાં સુરક્ષા સંભાળશે. બીએસએફ, કાશ્મીર પોલીસ, ભારતીય સેના અને સીઆરપીએફના કુલ ૨ લાખ જવાનો તૈનાત કરાયા છે.

યાત્રાની શરૂઆત સાથે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. કેટલાક યાત્રિકોએ ગુફા માર્ગ પર બરફની સુંદરતા અને સુરક્ષા વ્યવસ્થાની પ્રશંસા કરી. યાત્રા ૯ ઓગસ્ટ સુધી ચાલશે.

# જીએસટીમાં ૧૨ ટકાનો સ્લેબ દૂર કરવાની તૈયારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર ટૂંકસમયમાં જીએસટીમાં મોટી રાહત આપી શકે છે. સરકાર રેટમાં ફેરફાર કરવા પર વિચાર કરી રહી છે. જેથી ઘણી પ્રોડક્ટ્સ સસ્તી થવાની સંભાવના વધી છે. જે મધ્યમ અને ગરીબ વર્ગના ખિસ્સા પર બોજો ઘટાડશે. નાણા મંત્રાલય ૧૨ ટકાનો જીએસટી સ્લેબ દૂર કરવા વિચારણા કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

જીએસટી કાઉન્સિલની આગામી યોજાનારી બેઠકમાં જીએસટીનો ૧૨ ટકાનો સ્લેબ દૂર કરવા મુદ્દે નિર્ણય લેવાઈ શકે છે. હાલ ચર્ચા થઈ રહી છે કે, ૧૨ ટકાનો સ્લેબ રાખવો કે, પછી તેમાં સામેલ મોટાભાગની પ્રોડક્ટ્સને ૫ ટકાના સ્લેબમાં સામેલ કરવી. સામાન્ય લોકોની રોજિંદા જીવન જરૂરિયાતોની મોટાભાગની ચીજવસ્તુઓ આ સ્લેબમાં સામેલ છે. આ મહિને યોજાનારી બેઠકમાં આ મુદ્દે





નિર્ણય લેવામાં આવે તેવા અહેવાલો મળ્યા છે.

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની સફળતાને ગઈકાલે જ આઠ વર્ષ પૂરા થયા. છેલ્લા આઠ વર્ષમાં કેન્દ્ર સરકારનું જીએસટી કલેક્શન બમણાથી વધ્યું છે. નિષ્ણાતોએ અપેક્ષા વ્યક્ત કરી છે કે, આગામી સમયમાં જીએસટી મારફત સરકારને દરમહિને સરેરાશ ૨ લાખ રૂપિયાથી વધુ કમાણી થઈ શકે છે. જીએસટી કાઉન્સિલ સુમેળ અને અનુકૂળ ટેક્સ સિસ્ટમ બનાવવા માટે જીએસટીમાં સતત ફેરફારો અને સુધારો કરી રહ્યું છે. હાલ તે ૧૨ ટકાનો સ્લેબ દૂર કરવા પર વિચારી રહ્યું છે. તેમાં સામેલ પ્રોડક્ટ્સને ૫ ટકાના સ્લેબમાં સામેલ કરવાની તૈયારી થઈ રહી છે. જેથી જૂતાં-ચપ્પલ, અમુક કપડાં અને ડેરી પ્રોડ્કટ્સ જેવી અનેક પ્રોડક્ટ્સ સસ્તી થઈ શકે છે.

જીએસટી કાઉન્સિલ કાર, તમાકુ, પાન મસાલા, કોલ્ડ ડ્રિંક્સ જેવી ચીજોને જીએસટી રેટમાં સામેલ કરવા માગે છે. જેના પર ચર્ચાઓ અને ભલામણો પણ થઈ રહી છે. હાલ આ પ્રોડ્કટ્સ પર એક્સ્ટ્રા સેસ લાગે છે. જો તેના પર જીએસટી લાગુ કરવામાં આવે તો તેની કિંમતો વધશે.

કેન્દ્ર સરકાર હાલ પાંચ કેટેગરીમાં જીએસટી વસૂલી રહી છે. જેમાં આવશ્યક ચીજવસ્તુઓ પર ૦ ટકા, મૂળભૂત જરૂરિયાતો પર ૫ ટકા, ભૌતિક ચીજવસ્તુઓ માટે ૧૨ ટકા, અને મોટાભાગની કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ પર ૧૮ ટકા જીએસટી લાગુ છે. આ સિવાય લકઝરી પ્રોડક્ટ્સ પર ૨૮ ટકા ટેક્સ વસૂલે છે.

### સરકાર કરી રહી છે ખાસ વ્યવસ્થા

# હવે દવાઓની એક્સપાયરી તારીખ વાંચવી સરળ બનશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સામાન્ય લોકો માટે દવાની પટ્ટી પર સમાપ્તિ તારીખ અને અન્ય વિગતો જોવી સરળ નથી. નાના છાપા અને ચળકતી સપાટીને કારણે આ વાંચવામાં સરળ નથી. આવી સ્થિતિમાં, ભારતના ડ્રગ રેગ્યુલેટર આ સમસ્યાના ઉકેલ માટે પગલાં લઈ રહ્યા છે. આ બાબતથી પરિચિત સૂત્રોએ ઈકોનોમિક ટાઇમ્સને જણાવ્યું હતું કે નિયમનકારે એક નિષ્ણાત સમિતિની સ્થાપના કરી છે જે દવાના લેબલિંગને સરળ બનાવવા પર કામ કરશે જેથી તે વાંચવામાં સરળ બને.

ગ્રાહકોની વધતી ફરિયાદો બાદ આ પગલું લેવામાં આવ્યું છે. ચળકતી પટ્ટીને કારણે સમાપ્તિ તારીખ શોધવામાં મુશ્કેલી અને લેબલ વાંચવામાં મુશ્કેલી પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે ગ્રાહકોએ સમયાંતરે આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ ઉપરાંત, જેનેરિક દવાઓને બ્રાન્ડેડ દવાઓથી અલગ પાડવા માટે તેના પર એક અલગ પ્રતીક મૂકવાની માંગ પણ કરવામાં આવી છે.

આ મહિને, સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન હેઠળ ડ્રગ્સ કન્સલ્ટેટિવ કમિટીએ આ બાબત પર વિચાર કર્યો. પેનલે વિગતવાર તપાસ કરવા અને અહેવાલ રજૂ કરવા માટે એક પેટાપ્રસમિતિ બનાવવાનો નિર્ણય લીધો. તેમણે સૂચન કર્યું કે આ પેટા-સમિતિમાં એક પેકેજિંગ નિષ્ણાતનો પણ સમાવેશ થવો જોઈએ. આ પેટા-સમિતિ પ્રિન્ટેડ ફોઇલ્સ જેવા પેકેજિંગ સામગ્રીના સપ્લાયર્સ માટે યોગ્ય નિયમોનું પણ મૂલ્યાંકન કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર દવાની પટ્ટીઓ પર વૉઇસ-આસિસ્ટેડ ક્યૂઆર કોડ અને બ્રેઇલ કાર્ડ મૂકવાનું પણ વિચારી રહી છે. તેનો ઉદ્દેશ્ય દર્દીઓને દર્દી-મૈત્રીપૂર્ણ બનાવવાનો, પારદર્શિતા લાવવાનો અને દર્દીઓની સલામતીમાં સુધારો કરવાનો છે.

# ગ્રામિણ ભારત પણ હવે આર્થિક પ્રગતિની મુખ્ય શક્તિ બન્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં સમૃધ્ધિ ફકત મેટ્રો સીટીથી લઇને મહાનગરોમાં દેખાતી હોય છે પરંતુ વાસ્તવમાં ગ્રામિણ ભારત એ પણ હવે આર્થિક પ્રગતિનું એક મુખ્ય શક્તિ બની રહ્યું હોવાના સંકેત છે અને ગ્રામિણ વિસ્તારોમાં રહેતા ૨૯.૧ કરોડ ભારતીયો હવે તેમની જીવનશૈલીને બદલી રહ્યા છે.

હાલમાં જ એક અહેવાલમાં દર્શાવાયું કે ગ્રામિણ ક્ષેત્રમાં જે રીતે સ્માર્ટ ફોનથી લઇ વાહન અને બ્રાન્ડેડ ઉત્પાદનો તેમજ જેને આધુનિક જીવનશૈલી સાથે સાંકળી શકાય તે પ્રકારની ખરીદી ગ્રામિણ વિસ્તારોમાં વધી છે અને તેનું મુખ્ય કારણ દેશના ગ્રામિણ ક્ષેત્રમાં પ્રતિ વ્યકિત આવક એ નવો રેકોર્ડ બનાવ્યો છે.

દેશના ૧૧૨ ગ્રામિણ જિલ્લામાં કરવામાં આવેલા સર્વેમાં જણાવાયુ કે અહીં પ્રતિ વ્યકિત આવક ૨૦૦૦ ડોલર એટલે કે રૂા. ૧.૭૧ લાખથી પણ વધી ગઇ છે. જેના કારણે તેની જીવનશૈલી બદલાઇ રહી છે. આ રીપોર્ટ મુજબ મહારાષ્ટ્ર, કેરળ, તામિલનાડુ અને આંધ્રપ્રદેશ જેવા રાજયો પોતાના મજબુત અર્થ વ્યવસ્થા અને યોજનાઓના અમલીકરણના કારણે તેના લાભો ગ્રામિણ વિસ્તારોમાં પહોંચી ગયા છે.

દેશના જોકે બે ટોચના રાજયો ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં સ્થિતિ અલગ છે અને ત્યાં હજુ ગ્રામિણ ક્ષેત્રમાં ગરીબી અને વૈભવી અથવા તો ઇચ્છીત નહીં તેવી જીવનશૈલી જોવા મળી રહે છે. જયારે અન્ય રાજયોમાં પરિસ્થિતિ ઝડપથી બદલાઇ રહી છે. ગ્રામિણ ઉદ્યોગ ક્ષેત્રનું મૂલ્ય ૨૯ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે જે ૭.૧ ટકાના દરે વધ્યું છે. જેમાં આ નિર્માણ એટલે કે બાંધકામ ક્ષેત્રનો ફાળો ૮.૭ ટકા જીવન વ્યવસ્થાનો ફાળો ૬.૯ ટકા અને માઇનીંગનો ફાળો ૧૩.૫ ટકા જોવા મળી રહ્યો છે. પણ સૌથી વધુ ઔદ્યોગિક ક્ષેત્રનું યોગદાન ૧૦.૬ ટકા રહ્યું છે. જેમાં તામિલનાડુ પ્રથમ સ્થાને છે અને રાજસ્થાન બીજા સ્થાને છે. ગ્રામિણ અર્થવ્યવસ્થા ભારતમાં ૬૧ લાખ કરોડનું યોગદાન આપી રહી છે.

જોકે તેમાં કૃષિ ક્ષેત્રનું યોગદાન સૌથી મોટુ છે અને તેમાં પ્રતિ વ્યકિત આવક વધારવામાં કૃષિએ પોતનો ફાળો આપ્યો છે. અનેક રાજયોમાં આ આવક પ્રતિ વ્યકિત ૩૦૦૦ ડોલર ૨.૫૬ લાખ જેટલી પહોંચી ગઇ છે. ગ્રામિણ વ્યવસ્થામાં જે રીતે વૃધ્ધિ થઇ છે તેનું મુખ્ય કારણ શહેરોની આસપાસના વિસ્તારોમાં વધેલી ઔદ્યોગિક અને કૃષિ આધુનિક



પ્રવૃતિને પણ જવાબદાર ગણવામાં આવે છે. જેમાં હોટલ, રીયલ એસ્ટેટ અને નાણાકીય સેવાઓએ મહત્વની ભૂમિકા ભજવી છે અને તેમાં પણ તામિલનાડુ સૌથી આગળ છે જયારે આ પ્રકારની સેવાઓમાં મહારાષ્ટ્ર બીજા નંબરે છે.

# રાજકોટ મનપાની સ્ટે. કમિટીની બેઠકમાં ૧૪૪ કરોડના વિકાસ કામોને મંજૂરી

## સ્માર્ટ સીટી-પરસાણા ચોક-રામવન તથા અતુલ સર્કલ વિસ્તારના રસ્તાઓ ૬૮ કરોડના ખર્ચે ટનાટન બનશે: પારડી રોડ પર ફાયરસ્ટેશન તથા સ્ટાફ કવાર્ટર્સ બનાવવા સહિતના વિકાસકામોના નિર્ણય કરાયો



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના વિવિધ વિસ્તારમાં રસ્તા સહિતના વિવિધ વિકાસકામોની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે સ્માર્ટ સીટીથી કટારિયા ચોકડી, વોર્ડ નં.૧૫માં અમુલ સર્કલથી નેશનલ હાઇવે તેમજ રામવન (ગેઇટ નં.૨)ની મનપાની હદ સુધી પરસાણા ચોકથી કણકોટ ગામ સુધી ૨૪ મી. ટી.પી. સહિતના વિવિધ રોડ ૬૮ કરોડના ખર્ચે ડેવલપ કરવા, વોર્ડ નં.૭માં એસ્ટ્રોન નાલા પાસે વરસાદી પાઇપલાઇન નાખવા, તત્કાલીન ટાઉનપ્લાનીંગ ઓફિસર એમ.ડી. સાગઠીયા સામે પ્રિપેન્શન ઓફ મની લોન્ડરિંગ એકટની જોગવાઇની તપાસ માટે મંજુર મેળવવા સહિતની ૬૩ દરખાસ્તો અંગે આજે સ્ટેન્ડિગ કમિટીમાં નિર્ણય કરવામાં આવ્યો હતો. આજની બેઠકમાં ૧૪૪ કરોડના વિકાસ કામોને લીલીઝંડી અપાઇ હતી. આજે જે દરખાસ્તો રજૂ થઇ હતી તેમાં મહાનગરપાલિકા-વેસ્ટઝોન હેઠળનો ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ (સ્માર્ટ સીટીથી કટારીયા ચોક- કાલાવડ રોડ) ડેવલપ કરવા (પેકેઝ-૨)ના કામે કુલ રૂા.૩૯,૬૭,૯૦,૯૦૫ તથા પ્રવર્તમાન ૧૮.૦૦ % જી.એસ.ટી. વિગેરે સહિત આ કામે કુલ રૂા.૪૬,૮૫,૦૦,૦૦૦ નું એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ છે. આ કામે અંદાજે ૩૯૦૦ રનીંગ મીટરમાં રસ્તાને ડેવલપ કરવામાં આવશે. જેમાં બંને તરફ ૧૦.૫૦ મીટરનો કેરેઝ-વે, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇન તથા ત્રણ પાઇપ કલવર્ટના કામનો સમાવેશ કરવામાં આવેલ છે. વિશેષમાં આ કામ થવાથી આશરે પાંચ લાખ લોકોને ફાયદો થશે. આ કામનું ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ. જેમાં બે એજન્સીએ રસ દાખવેલ. એલ૧ એ ૨.૫૨ ટકા વધુ ભાવ રજુ કરતા આ કામે ૪૪.૭૮ કરોડના ખર્ચે થશે.મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૫માં અમુલ સર્કલથી નેશનલ હાઇવે તેમજ રામવન રોડ પર ગરૂડ ગેટ (ગેટ નં.૨)થી આર.એમ.સી.ની હદ સુધી રોડને ડેવલપ કરવાના કામે જી.એસ.ટી. સહિત કુલ રૂા.૧૪,૭૬,૭૮,૦૦૦ નું એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ અને આ કામે કુલ રૂા.૧૨,૫૧,૫૦,૭૭૭ (જી.એસ.ટી. સિવાય)ની રકમ માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે. આ કામે આશરે ૬૦૫૦૦.૦૦ ચોરસ મીટરમાં રોડ ડેવલપ કરવાના કામનો સમાવેશ કરવામાં આવેલ છે. ટેન્ડરમાં એલ ૧એજન્સીઓએ ૦.૪૫ ટકા ઓછા ભાવ દર્શાવતા આ કામે કુલ રૂા.૧૪,૭૦,૧૩,૩૬૭નું ખર્ચ થશે.

મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૧માં પરસાણા ચોકથી કણકોટ ગામ સુધી ૨૪.૦૦ મીટર ટી.પી. રોડ ડેવલપ કરવાના કામે કુલ રૂા.૭,૫૧,૦૫,૨૭૯ તથા પ્રવર્તમાન ૧૮.૦૦% જી.એસ.ટી સહિત આ કામે કુલ રૂા.૮,૮૬,૨૪,૫૦૦નું એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ છે. આ કામે અંદાજે ૨૧૫૦.૦૦ રનીંગ મીટરમાં રસ્તાને ડેવલપ કરવાના કામનો સમાવેશ થયેલ છે. તેમજ આ કામે રૂા.૭,૫૧,૦૫,૨૭૯ની રકમ માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ. આ કામે એલ ૧ એજન્સીએ ૧.૮૧ ટકા ૩.૧૫ ટકા ઓછા ભાવ આવતા આ કામનો કુલ ખર્ચ રૂા.૮.૫૮ કરોડનો ખર્ચ થશે.

ઉપરોકત આ સ્ટેન્ડીંગ કમિટિની બેઠકમાં અલગ અલગ વિસ્તારોમાં પેવીંગ બ્લોક નાખવા તેમજ ૧૫૦ ફૂટ રીંગ રોડ માટે સફાઈ કામદારોની નિમણુંક તથા વેસ્ટઝોન હેઠળ આવતા તમામ ૬ વોર્ડમાં ડામર કામ તથા ગાંડીવેલ દૂર કરવા માટે બે નંગ વેડા હાર્નેશ મશીનની ખરીદી તેમજ વોર્ડ નં. ૧૧ માં ફરસાણા ચોકથી કણકોટ ગામ સુધીના ૨૪ મીટરના રોડને ડેવલોપ કરવા તથા ન્યારા ગામ ખાતે ૩૪૨.૭૨ લાખ લિટરનો અંડરગ્રાઉન્ડ સંપ અને પમ્પ હાઉસ તૈયાર કરવા અને રેસકોર્સ સંકૂલમાં નવનિર્માણ થયેલ આર્ટ ગેલેરી માટેની ડિપોઝીટ તેમજ ભાડાના દર નકકી કરવા સહિતની દરખાસ્તનો સમાવેશ થાયો હતો. મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન હેઠળના વોર્ડ નં.૧૭ માં વિરાટનગર, પારડી રોડ પર આવેલ રાજકોટ મહાનગરપાલિકાની માલિકીનાં ટી.પી. સ્કીમ નં.૫(રાજકોટ), અંતિમ ખંડ નં.૨૫૯ માં ફાયર સ્ટેશન તથા સ્ટાફ કવાટર્સ બનાવવાનાં કામે વિગેરે સહિત રૂ.૨૩,૫૦,૦૦,૦૦૦૦નું એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ છે. આ કામે અંદાજીત ૧૭૦૦.૮૯ ચો.મી. એરીયામાં બેઝમેન્ટ તથા +૭ માળનું ફાયર સ્ટેશન સ્ટાફ કવાટર્સ સાથે બનાવવાનો સમાવેશ થયેલ છે. જેમાં ફાયર સ્ટેશનને લગત સગવડતાઓ સાથે ૨ - ૪૬ તથા ૩ - ૪ સ્ટાફ કવાટર્સ સહીતનાં કામનો સમાવેશ થાય છે. આ કામે ૬ એજન્સીઓ રસ દાખવ્યો હતો. જેમાં એલ-૧ એ ૬.૭૦ ટકા ઓછા ભાવ આપ્યા હતા. આ કામનો કુલ ખર્ચ રૂા. ૨૧.૫૫ કરોડ થશે. આ ભાવિ સ્ટેશન તથા સ્ટાફ કવાટર્સ પ્લોટ વિસ્તાર ૧૭૦૦.૮૯ ચો.મીટર, પ્લીન્થ વિસ્તાર ૯૦૦.૦૦ ચો.મીટર, બિલ્ટઅપ એરીયા ૯૦૦૦.૦૦ ચો.મીટરમાં બનશે. જેમાં બેઝમેન્ટ: કવર્ડ પાર્કિંગ, ગ્રાઉન્ડ ફલોર કવર્ડ ટેન્ડર પાર્કિંગ એરીયા, કંટ્રોલ રૂમ, એડમીન, ૩-ઓફિસ, લેડીસ-જેન્ટસ ટોઇલેટ, ફર્સ્ટ ફલોર: ૨-સ્ટાફ રૂમ, ૨-રેસ્ટ રૂમ, ૨-૨ બીએચકે કવાર્ટર, સેકન્ડ ફલોર: ૪-૩ બીએચકે સ્ટાફ કવાર્ટર, ૪-૨ બીએચકે કવાર્ટર તથા થર્ડ ફલોરથી સેવનથ ફલોર: ૮ ૨-બીએચકે સ્ટાફ કવાર્ટર સહિતની સુવિધા ઉપલબ્ધ થશે. આજે બે દરખાસ્તો પેન્ડિંગ રખાઇ હતી. આજની બેઠકમાં સ્ટે. કમિટીના સભ્યો તેમજ જુદી-જુદી શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર એરપોર્ટ ખાતે મુસાફરો ભરેલા પ્લેનમાં આગ લાગતા યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરાઈ: સમગ્ર ઘટના મોકડ્રીલ જાહેર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા વહીવટી તંત્રના સહયોગથી અને જીલ્લા કલેકટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ ઇન્ડિયન એરફોર્સ અને એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા સંયુક્ત રીતે જામનગર એરપોર્ટ ખાતે ફૂલ સ્કેલ મોક ઈમરજન્સી એકસરસાઈઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલનો મુખ્ય હેતુ રેસ્ક્યુ કામગીરી, સબંધિત પડકારો અને ઈમરજન્સીનો સામનો કરવા માટે તથા ઓછામાં ઓછા સમયમાં દરેક વિભાગો દ્વારા પરસ્પર સંકલન કરી પરિસ્થિતિ ઉપર કાબુ મેળવવાનો હતો.જામનગર એરપોર્ટ પર ૩૦ પેસેન્જરો ભરેલા એરક્રાફ્ટના ડાબી બાજુના એન્જીનમાં આગ લાગી હતી. એરપોર્ટ ઓથોરીટી દ્વારા આ ઘટનાની જાણ જીલ્લા કંટ્રોલરૂમ ખાતે તથા એરફોર્સ સ્ટેશન પર બપોરે



૩:૫૫ કલાકે કરવામાં આવતાની સાથે જ માત્ર ૧૦ મીનીટના સમયમાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૩૦ પેસેન્જરો પૈકી તાત્કાલિક સારવારની જરૂર હતી તેવા ૫ પેસેન્જરો અને ઈજાગ્રસ્ત ૧૦ સહીત ૧૫ લોકોને ૧૦૮ એમ્બ્યુલન્સે ઘટના સ્થળ પર પહોચી ત્વરિત હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. તથા સામાન્ય ઈજાગ્રસ્તોને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘટના સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. ફાયરની ટીમ દ્વારા આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. અને પોલીસ વિભાગ દ્વારા સમગ્ર એરિયા કોર્ડન કરાયો હતો. ગણતરીની મીનીટોમાં જ એરફોર્સ, ફાયર, સિવિલ ડિફેન્સ, આરોગ્ય વિભાગ, એમ્બ્યુલન્સ, એરપોર્ટ સ્ટાફ, પોલીસની ટીમો, આધુનિક સંસાધનો સાથે ઘટના સ્થળે આવી પહોચી હતી. વિવિધ ટીમોએ આપદામિત્રોની મદદથી ઘટના સ્થળે લોકોને બચાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી હતી.ઉલ્લેખનીય છે કે, અમદાવાદ એરપોર્ટ નજીક તાજેતરમાં જ પ્લેન ક્રેશ અંગેની દુખદ ઘટના સર્જાઈ હતી. જે અંતર્ગત જામનગર એરપોર્ટ ખાતે મોકડ્રીલ યોજવામાં આવી હતી.આ મોકડ્રીલમાં એરફોર્સના સ્કવોડ્રન લીડર કેલ્વીન, એરપોર્ટ ડાયરેક્ટર ડી.કે.સિંઘ, જામનગર શહેર પ્રાંત અધિકારી પ્રશાંત પરમાર, ડીવાયએસપી.મિત રુદલ, ચીફ ફાયર ઓફિસર કે.કે.બિશ્નોઈ, વિવિધ વિભાગોના વડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ'નું નામકરણ 'વિજયભાઈ રૂપાણી' કરવા નરેન્દ્રભાઈ મોદીને રજૂઆત કરતા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદરની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે તા.૧૨ જૂન, ૨૦૨૫એ અમદાવાદથી લંડન જઈ રહેલ વિમાન ક્રેશ થયુ અને ગુજરાતની ધરતી પરની આ ગોઝારી ઘટનામાં ૨૫૦ લોકોના નિધન થયા અને સમગ્ર ગુજરાત શોકમગ્ન થઈ ગયુ. આ કરૂણાંતિમાં વિમાનમાં લંડન જઈ રહેલા રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું દુ:ખદ નિધન થયું. અને જાહેર જીવનના એક મોટા ગજાના નેતાની અણધારી વિદાયથી જાહેર જીવનમાં ન પૂરી શકાય તેવી ખોટ પડી. એમાંયે ખાસ કરીને સૌરાષ્ટ્ર-રાજકોટ આ ઘટનાથી હતપ્રભ થઈ ગયું.

સ્વ. વિજયભાઈ રૂપાણી રાજકોટના પનોતા પુત્ર હતા. તેઓએ ૧૯૮૭માં લોકલાગણીને માન આપી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ઝંપલાવી જંગી બહુમતીથી ભવ્ય



'વિજય' મેળવ્યો. સતત બે ટર્મ સુધી સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન બન્યા. રાજકોટના પ્રથમ નાગરીક એટલે કે મેયરપદે આરૂઢ થઈ ' જયાં માનવી ત્યાં સુવિધા' ના મંત્રને સાકાર કરી શહેરના વિકાસમાં મહતમ યોગદાન આપ્યું.ત્યારબાદ સંગઠન અને સતાક્ષેત્રે તેની રાજકીય કારકીર્દીનો ગ્રાફ સતત ઉચો જતો રહયો જેમાં તેઓ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન, ગુજરાત ટુરીઝમના ચેરમેનપદે કાબિલેતારીફ કામગીરી, રાજયસભાના સભ્ય બન્યા ત્યારબાદ ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને પ્રદેશ અધ્યક્ષ તરીકે આરૂઢ થઈ સહેલાઈથી 'સૌનો સાથ, સૌનો વિકાસ' સૂત્રને ચરિતાર્થ કર્યું. બાદ ૨૦૧૬માં ગુજરાતના મુખ્યમંત્રી પદે આરૂઢ થઈ શ્રેષ્ઠ અને બેસ્ટ કામગીરી કરેલ.આમ ગુજરાતના તમામ જિલ્લા, નગરો-મહાનગરો, તાલુકા, ગામડાંઓ પર તેમની નજર કોઈપણ ખૂણે બનેલા રાજકીય બનાવ ઉપર જ હોય, દરેક બાબતોનું ચિંતન, મંથન કરી કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કરતા.આમ, ખરા અર્થમાં સ્વ. વિજયભાઈ રૂપાણી 'કાર્યકર્તાઓની નાડનો ધબકાર' બન્યા હતા.

સ્વ.વિજયભાઈ રૂપાણીએ રાજકોટના મેયર તરીકે, રાજયસભાના સભ્ય તરીકે અને ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકે વિવિધ હોદાઓ પર રહીને સેવા આપી હતી. તેમની કારકીર્દીનો મહત્વપૂર્ણ તબક્કો ૨૦૧૬થી ૨૦૨૧ દરમિયાન રાજયના મુખ્યમંત્રી તરીકેનો હતો. તેમના કાર્યકાળ દરમ્યાન તેમણે વિકાસલક્ષી કાર્યો અને જનકલ્યાણકારી યોજનાઓ પર ભાર મૂક્યો. 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રને તેમણે ચરિતાર્થ કરવાનો પ્રયાસ કર્યો. સ્વ. વિજયભાઈ રૂપાણીનું જાહેર જીવન સેવા અને સંગઠનાત્મક કાર્યને સમર્પિત હતું. તેમનું જમીન સાથે જોડાયેલું વ્યકિતત્વ અને સૌમ્ય સ્વભાવે તેમને લોકોમાં પ્રિય બનાવ્યા હતા. રાજકીય ક્ષેત્રે તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે.

આ અંતર્ગત વધુ માહિતી આપતા ભુપતભાઈ બોદરએ જણાવેલ કે રાજકોટના વિકાસમાં સ્વ. વિજયભાઈ રૂપાણીનું અમૂલ્ય યોગદાન છે, પોતાના માદરેવતન રાજકોટ- સૌરાષ્ટ્રના વિકાસને ઉચી ઉડાન ભરાવનાર પ્રજા વત્સલ લોકનેતા એવા સ્વ.વિજયભાઈ રૂપાણીને આદરાંજલી આપવાના શુભ સંકલ્પ માટે નાગરિકોની સહભાગીતા જરૂરી છે ત્યારે રાજકોટ એરપોર્ટને ''વિજયભાઈ રૂપાણી' એરપોર્ટ નામકરણ માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

# જામનગરની જિલ્લા જેલમાંથી પેરોલ જમ્પ કરીને નાસી છૂટેલા હત્યા કેસના આરોપીને એલસીબી એ ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ વડા પ્રેમસુખ ડેલૂએ ફરારી આરોપીઓ પકડી પાડવા સુચના કરેલ હોય,જેથી એલ.સી.બી.ના પોલીસ ઇન્સ.વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો.સ.ઈ.પી.એન.મોરી તથા પો.સ.ઇ.સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં ફરારી આરોપીઓ પકડી પાડવા અંગે પેટ્રોલીંગમા હતા.દરમ્યાન એલ.સી.બી.ના સ્ટાફના કિશોરભાઇ પરમાર, ભરતભાઇ ડાંગર,ભયપાલસિંહ જાડેજાને બાતમી રાહે હકિકત મળેલ કે,જામ સીટી સી ડીવી પો.સ્ટે.ગુ.ર.નંબર-૧૫૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ-૩૦૨ ના કામે છ વર્ષ પહેલા જામનગર સાત રસ્તા પાસે અજયસિંહ ઝાલા નામના યુવાનના ખૂન કેસમા સંડોવાયેલ ઇસમ અલ્તાફભાઇ વલીમામદભાઇ



નાઇ ઉ.વ.૨૭ રહે. ઢીચડા ગામ તા.જી જામનગર વાળો વચ્ચગાળાના જામીન ઉપર થી છુટી જેલમા હાજર નહી થઇ ફરાર થયેલ હતો જે ઇસમ જામનગર એકફોર્સ રોડ ઉપર મહાલક્ષ્મી સર્કલ પાસે હોવાની બાતમી આધારે પકડી પાડી. મજકુર ઇસમ વિરૂધ્ધ પોલીસ હેડ કોન્સ ક્રિપાલસિંહ ચંદ્રસિંહ જાડેજા એ કાયદેસરની કાર્યવાહી કરી જીલ્લ જેલ જામનગર ખાતે મોકલી આપેલ છે.આ કાર્યવાહી પો.ઇન્સ.વી.એમ.લગારીયા ના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. પી.એન.મોરી તથા પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઇ પરમાર, ક્રિપાલસિંહ જાડેજા, હીરેનભાઇ વરણવા, દિલીપભાઇ તલવાડીયા, ધનશ્યામભાઇ ડેરવાળીયા, ભરતભાઇ ડાંગર, ધમેન્દ્રસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઇ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ,કાસમભાઇ બ્લોચ,નિર્મળસિંહ જાડેજા, યુવરાજસિંહ ઝાલા, કિશોરભાઇ પરમાર, ભયપાલસિંહ જાડેજા, અજયભાઇ વીરડા, બળવંતસિંહ પરમાર, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, સુરેશભાઇ માલકીયા, દયારામ ત્રિવેદી,બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામાં આવેલ છે.

# ભાયાવદર બસ સ્ટેન્ડ રીનોવેશન કર્યા બાદ તબેલામાં ફેરવાઈ ગયું



**મુખ્ય સમાચાર વિજય રાડીયા ભાયાવદર**

ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામ માં આવેલા બસ સ્ટેન્ડને થોડા સમય પહેલાં જ લાખોના ખર્ચે રિનોવેશન કરવામાં આવ્યું છે અને યોગ્ય જાળવણીના અભાવે આટલા ટૂંકાગાળામાં જ આ બસસ્ટેન્ડ રખડતા પશુઓનો તબેલો બની ગયું છે. જેની ગવાહી આ તસવીર પૂરી પાડી રહ્યું છે. ભાયાવદરમાં પટેલ સેવા સમાજની બાજુમાં આવેલું બસ સ્ટેન્ડ થોડા મહિના પહેલા સાવ ખંઢેર હાલતમાં આવી ગયું હતું, ત્યારે આ બસ સ્ટેન્ડના નવા રૂપરંગ માટે ગુજરાત એસટી વિભાગ દ્વારા લાખો રૂપિયાના ખર્ચે રીનોવેશન કરવાની મંજૂરી આપવામાં આવી હતી. અને આ બસ સ્ટેન્ડનું કામ અંદાજે ૨ થી ૩ મહિના ચાલ્યું હતું અને નવા કલર કર્યા હતા પણ અત્યારે આ બસ સ્ટેન્ડને દેખરેખ ન થતી હોય એ માટે કોઈ વ્યવસ્થા ન હોવાથી ગંદકીની સાથે તે રખડતા પશુઓનું આશ્રયસ્થાન બની ગયું છે. જેના લીધે વહેલી સવારે અપડાઉન કરતા વિદ્યાર્થીઓની હાલત કફોડી બની જવા પામી છે. કેમકે પશુઓની વચ્ચેથી પસાર થવાનું અને ત્યાં બેસવાનું! રિનોવેટેડ બસ સ્ટેન્ડના શૌચાલયમાં ગંદકીએ પણ માઝા મૂકી છે અને દરવાજા તૂટી ગયા છે.ત્યારે આ બસ સ્ટેન્ડના રીનોવેશનનો લાખો રૂપિયાનો ખર્ચો પાણીમાં ગયો હોય તેવો ઘાટ ઘડાયો છે. ભાયાવદર ની પ્રજા મુખે ચર્ચાનો વિષય બન્યો છે.

# ઉનામા કોર્ટ વિસ્તારમાંથી વાહન ચોરીના બે ગુન્હાઓ ડીટેકટ કરતું પોલીસ તંત્ર

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનાના પોલીસ ઈન્સ્પેકટર એમ.એન.રાણા સુચના મુજબ સર્વલન્સ સ્કોડના ઇન્ચાર્જ પો.સબ.ઈન્સ એચ.પી.સરવૈયા તથા એ.એસ.આઇ શાંતિલાલ વેલાભાઇ તથા પો.કોન્સ.અનીલભાઇ ભુપતભાઇ તથા સુનીલભાઇ કેશવભાઇ વાળાઓ ઉના પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કોન્સ અનિલભાઈ ભુપતભાઇ જાદવ તથા પો.કોન્સ.સુનીલભાઇ કેશવભાઇ બાંભણીયા નાઓની સંયુક્ત ખાનગી રાહે હકીકત મળેલ કે, અસ્લમભાઇ ઉર્ફે મુનીર મેહબુબભાઇ રહે.ઉના ઠે.કોર્ટ વિસ્તાર વાળાના ઘરે બે મોટર સાયકલ શંકાસ્પદ હોવાની હકીકત મળતાં તુરંત હકીકતવાળી જગ્યાએ આવતા મજકુરના ઘરે ચેક કરતા એક મો.સા.ઘરે રાખેલ છે અને મોટા પીરની દરગાહ પાસે મો.સા. રાખી ઉભેલ હોય જેણે શરીરે લીલા જેવા કલરનુ શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે અને મજકુરનું નામ-ઠામ પુછતાં પોતે-પોતાનું નામ અસ્લમભાઇ ઉર્ફે મુનીર મેહબુબભાઇ બેલીમ રહે.ઉના ઠે.કોર્ટ વિસ્તાર તા.ઉના વાળો હોય અને પોતાની પાસેની મો.સા.ચેક કરતા હોન્ડા કંપનીની કાળા કલરની લાલ પટ્ટા વાળી જોતા આગળ પાછળ નંબર પ્લેટ લગાડેલ ન હોય જેન એન્જીન નં-JC36E7322617 જેની કિ.રૂ.૩૦૦૦૦/-



ગણી કબ્જે કરેલ તથા પોતાના ઘરે રાખેલ મો.સા.જોતા હોન્ડા કંપનીની સાઇન મોડેલની લાલ પટ્ટા વાળી કાળા કલરની મો.સા.જેના રજી.નં-GJ-32-L-1091 જેની કિ.રૂ.૪૮૦૦૦/-ગણી કબ્જે કરેલ જેથી મજકુર પાસે મો.સા.ઓના આર.ટી.ઓ.કાગળો માગતા ગલ્લા તલ્લા કરતો જેથી મો.સા શંકાસ્પદ લાગતા યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા ઉપરોક્ત ગુન્હાઓ કબુલ કરતો હોય જેથી મજકુર ને મો.સા.સાથે ધોરણસર અટક કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવેલ.

પકડાયેલ આરોપી અસ્લમભાઇ ઉર્ફે મુનીર મેહબુબભાઇ બેલીમ ઉ.વ.૨૬ ધંધો-મજુરી રહે. ઉના ઠે.કોર્ટ વિસ્તાર માંથી ઇસસને ઝડપી પાડી અને પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે

# ગુજરાત બીચ સોકર કમીટી ના ચેરમેન તરીકે રાજદિપસિંહ જાડેજા (રાજાભાઈ વાવડી)ની વરણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં અમદાવાદ ખાતે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA) ની વાર્ષિક સામાન્ય સભા (AGM) આજ રોજ સફળતાપૂર્વક યોજાઈ હતી, જેમાં ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન કાર્યરત એક્ઝિક્યુટિવ કમિટીના ચાર વર્ષના કાર્યકાળનું સમાપન થયું. આ સામાન્ય સભામાં રાજ્યભરના જોડાયેલ જિલ્લાના ફૂટબોલ એસોસિએશનોના સક્રિય પ્રતિનિધિઓની ઉપસ્થિત રહયા હતા. આ સભાનો મુખ્ય ભાગ આગામી ચાર વર્ષ (૨૦૨૫થી ૨૦૨૯) માટેના નવા પદાધિકારીઓની લોકશાહી અને પારદર્શક રીતે યોજાયેલી ચૂંટણીઓ હતી. જેમાં મોટાભાગના પૂર્વ પદાધિકારીઓ ફરીથી ચૂંટાઈ આવ્યા છે, જેના કારણે સંગઠનમાં સ્થિરતા અને




સતત માર્ગદર્શન જળવાઈ રહેશે. ૨૦૨૫-૨૦૨૯ માટે ચૂંટાયેલા પદાધિકારીઓમાં થયેલ વરણી મુજબ પ્રેસિડેન્ટ તરીકે પરિમલ નથવાણી, માનદ મહાસચિવ તરીકે મુળરાજસિંહ ચુડાસમા, ઉપપ્રમુખોમાં પ્રદીપસિંહ વાઘેલા, જીગ્નેશ પાટીલ, અરુણસિંહ રાજપુત તેમજ ગુજરાત બીચ સોકર કમીટી ના ચેરમેન તરીકે રાજકોટના શ્રી રાજદિપસિહ એમ જાડેજા ( રાજાભાઈ વાવડી)ની વરણી કરવામાં આવી છે. GSFA ની આ સામાન્ય સભામાં નવી પસંદ થયેલી ટીમે ગુજરાતમાં ફૂટબોલના વિકાસ માટે તળિયા સ્તરના કાર્યક્રમો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખેલાડીઓ, કોચો અને રેફરીઓને દરેક સ્તરે પૂરતું સમર્થન આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે તેમજ એ અગાઉના પદાધિકારીઓના યોગદાનને પણ બિરદાવ્યું અને તેમની નિષ્ઠાવાન સેવાઓ બદલ આભાર પણ વ્યકત કરવામાં આવ્યો હતો. રાજકોટ શહેર ભાજપમાં હાલ ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સંભાળતા રાજદિપસિંહ જાડેજા ( રાજાભાઈ વાવડી) ની ગુજરાત બીચ સોકર કમીટીના ચેરમેન તરીકે નિમણુંક થતાં સમગ્ર ગુજરાતના ફુટબોલ પ્રેમીઓ, તેમના મિત્રો, સ્નેહીઓ તેમજ શુભેચ્છકો દ્વારા ઠેર ઠેરથી અભિનંદન મળી રહયા છે.

# ૯૬ લાખથી વધુ દિવ્યાંગોએ એક વર્ષમાં નિઃશુલ્ક એસ.ટી.બસની મુસાફરી માણી

## સરકારે ૭૫ કરોડની સહાય આપી: દિવ્યાંગ સાથે ૧૩ લાખથી વધુ દિવ્યાંગ સહાયકોને પણ મુસાફરીનો લાભ મળ્યો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા નાગરિકોની મુસાફરીને હરહંમેશ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એસ.ટી નિગમની તમામ પ્રકારની પ્રીમિયમ અને નોન પ્રીમિયમ બસોમાં રાજ્યના નાગરિકોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી સલામત રીતે પહોંચાડવાની સુવિધા આપવામાં આવી રહી છે.

દિવ્યાંગ મુસાફરો અને તેમના સહાયકો પણ એસ.ટી નિગમની બસોમાં વિનામૂલ્યે મૂસાફરી કરવાની યોજનાનો લાભ લઇ રહ્યા છે. જે અંતર્ગત ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં ની તમામ બસોમાં ૯૬.૫ લાખ દિવ્યાંગ મુસાફરો અને ૧૩.૨૭ લાખ જેટલા તેમના સહાયકોએ વિનામૂલ્યે મુસાફરી સુવિધાનો લાભ મેળવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ નાગરીકોને વધુમાં વધુ યોજનાઓ થકી ગુણવત્તાયુકત મુસાફરી સુવિધા કઈ રીતે આપી શકાય તે દિશામાં એસ.ટી નિગમ દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દિવ્યાંગ મુસાફરો માટે સામાજિક અને ન્યાય અધિકારિકતા વિભાગ દ્વારા વિવિધ પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ અને તેમના સહાયકોને એસ.ટી. બસમાં ૧૦૦ ટકા વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવા આવી રહ્યો છે.

ગુજરાત એસટી દ્વારા પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓમાં આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ, દજારી સ્નાયુબદ્ધ કઠોરતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા વગેરેને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ વ્યક્તિ અને તેમના સહાયકોને મુસાફરી માટે ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે.

દિવ્યાંગો દ્વારા નિગમની બસોમાં કરવામાં આવેલ વિનામૂલ્યે મુસાફરી સામે થયેલ ખર્ચની ગ્રાન્ટ સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા નિગમને



આપવામાં આવે છે. વર્ષ-૨૦૨૪-૨૫ માં કુલ -૯૬,૫૨,૬૧૯ દિવ્યાંગ વ્યક્તિ અને કુલ-૧૩,૨૭,૭૮૪ દિવ્યાંગ વ્યક્તિઓના સહાયકો દ્વારા નિગમની બસોમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો હતો. આમ, છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ અને દિવ્યાંગ સહાયક માટે મુસાફરી પેટે રૂ.૭૫ કરોડથી વધુની સહાય નિગમને આપવામાં આવી છે તેમ,યાદીમાં જણાવાયું છે.

## શહેરની ભાગોળે કુવાડવા રોડ બુટલેગરો માટે બન્યો સ્વર્ગ સમાન

# ક્રિષ્ના વોટર પાર્ક સામે વધુ એકવાર મોંઘીદાટ વિદેશી દારૂ ભરેલી મર્સીડીઝ કાર પકડાઇ





### ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી બે રાજસ્થાની શખ્સોને દબોચી લઇ કાર સહિત રૂ.૩૬.૮૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા હોય ત્યારે બુટલેગરો પણ સક્રિય બન્યા છે. શહેરની ભાગોળે બુટલેગરો માટે સ્વર્ગ સમાન બનેલું કુવાડવા રોડના વિસ્તારોમાં ગઇકાલે રાજકોટ શહેર પોલીસે દારૂ ભરેલુ આઇસર ઝડપી લીધા બાદ આજે વધુએક વાર ક્રિષ્ના વોટર પાર્ક સામે ક્રાઇમ બ્રાન્ચની ટીમે મર્સીડીઝ બેન્ઝ કારમાં મોંઘો દાટ વિદેશી દારૂના જથ્થા સાથે બે રાજસ્થાનિ શખ્સોને દબોચી લઇ રૂ.૩૬.૮૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ.એસ.ગરચરની ટીમના એએસઆઇ અનિલભાઇ સોનારા, ધર્મરાજસિંહ, હરપાલસિંહ, સમીરભાઇ, મનીષભાઇ ચાવડા, અશ્વિનભાઇ અને જીલુભાઇ સહિતનો સ્ટાફ રાત્રી પેટ્રોલિંગમાં રાજકોટ-અમદાવાદ હાઈવે પર હતા ત્યારે ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, રાજસ્થાનથી વિદેશી દારૂ ભરેલી મર્સીડીઝ બેન્ઝ કાર રાજકોટ તરફ આવતી હોવાની બાતમીના આધારે પોલીસે ક્રિષ્ના વોટર પાર્ક સામે કુવાડવા રોડ પર વોચ ગોઠવી હતી. તે દરમ્યાન એક સફેદ કલરની મર્શીડીઝ બેન્ઝ કાર નંબર યુકે૦૪આર૯૭૪૪ નંબરની શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેનો પીછો કરી કાર અટકાવી તલાસી લેતા કારમાંથી જોનીવોકર, રેડ લેબલ ૨૭૬ બોટલ, કિંમત રૂ.૮.૫૨ લાખ તથા જોનીવોકર બ્લેન્ડેડ સ્કોચની ૯૬ બોટલ કિંમત રૂ.૨.૯૬ લાખ અને જેએનબી રેર બ્લેન્ડર સ્કોચની ૧૨ બોટલ કિંમત રૂ.૩૭ હજારનો મોંઘીદાટ દારૂનો જથ્થો મળી આવતા કારનો ચાલક મોહનલાલ કિશનલાલ પુનીયા (રહે. કુંડકી ગામ રાજસ્થાન) તથા મુકેશ મયંગારામ આલ (રહે. જેરોલ ગામ રાજસ્થાન) નામના બન્ને શખ્સોની ધરપકડ કરી પોલીસે કાર સહિત રૂ.૩૬.૮૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકરનગરમાં ૬૬ હજારના વિદેશી દારૂ સાથે એક ઝડપાયો, એક ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા આંબેડકરનગરમાં રહેણાંક મકાનમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમે દરોડો પાડી રૂ.૬૬ હજારની કિંમતના વિદેશી દારૂ સાથે એક શખ્સને દબોચી લઇ સપ્લાયરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીઆઇ આર.એચ.ઝાલા, એએસઆઇ જયંતિભાઇ ગોહિલ, રાજેશભાઇ, હેડ કોન્સ. શકિતસિંહ, મહેન્દ્રભાઇ, ધર્મરાજસિંહ અને કોન્સ. કુલદિપસિંહ સહિતનો સ્ટાફ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે આંબેડકરનગર શેરી નં.૧૪ બમાં રહેતો કૈલાશ ભુપેન્દ્ર ચાવડાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૮૮ બોટલ કિંમત રૂ.૬૬ હજારનો મુદ્દામાલ મળી આવતા પોલીસે કૈલાશ ચાવડાની ધરપકડ કરી વધુ પુછપરછ કરતા દારૂનો જથ્થો એસટી વર્કશોપ પાછળ આંબેડકર નગર શેરી નં.૩માં રહેતો પ્રકાશ સુરેશ રાઠોડ નામનો શખ્સ આપી ગયાની કબુલાત આપતા સપ્લાયર પ્રકાશ રાઠોડની શોધખોળ શરૂ કરી છે.

# આર્થિક રીતે ભાંગી પડેલા પતિએ પત્ની પર અત્યાચાર કરતા પીડિત મહિલાની વહારે આવી અભયમ ટીમ

## માનસિક- શારીરિક ત્રાસ આપતા પતિને કાયદાનું ભાન કરાવી પરિવારમાં સુમેળ ભર્યું સુખદ સમાધાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પારિવારિક સમસ્યાઓનો ઉકેલ સમજણ સાથે ઉકેલી સુખદ સમાધાન આવે તે સમગ્ર પરિવાર અને સમાજ માટે ખુબ જરૂરી છે. કેટલાક કિસ્સામાં આવી સમસ્યા ગંભીર રીતે આગળ વધે ત્યારે સમજણ સાથે કાયદાકીય કવચ પણ કારગર નીવડે છે.

રાજકોટમાં એક કિસ્સામાં ૨૦ વર્ષના સુખી સુમેળ ભર્યા દામ્પત્ય જીવનમાં ખટરાગ જોવા મળ્યો હતો. પતિને આર્થિક રીતે નુકશાની જતા પરિવારની શાંતિ હણાઈ ગઈ હતી. જેની સીધી અસર પત્ની અને બાળકો પર જોવા મળી. પત્નીને અસહ્ય માનસિક, શારીરિક ત્રાસ આપવાનું શરુ કર્યું. સંતાનમાં બે દીકરીઓના ઉછેર પર પણ અસર જોવા મળી. પત્નીના ઘરેણાં પર પણ પતિએ કબ્જો જમાવી લીધો હતો. ઘર ખર્ચ માટે પૈસા માંગતા પતિ સતત ત્રાસ આપતો હતો.

મહિલા પર અસહ્ય ત્રાસ વધતા તેણીએ મદદ માટે હાથ લંબાવ્યા. જયારે તેને ખબર પડી કે આ કિસ્સામાં રાજ્ય સરકાર દ્વારા મહિલાના રક્ષણ માટે ૧૮૧, અભયમ ટીમ મદદરૂપ બની શકે છે. ત્યારે મહિલાએ અભયમ ટીમને ફોન કરી મદદની ગુહાર લગાવી.

કોલ આવતા જ અભયમ ટીમના કાઉન્સેલર સુમિતાબેન પરમાર, કોન્સ્ટેબલ શિલ્પાબેન અને પાયલોટ દર્શિતભાઈ તાત્કાલિક બનાવ સ્થળ પર પહોંચી પીડિતા મહિલાને મળ્યા. મહિલાને સાંત્વના પાઠવી સઘળી હકીકત જાણી. મહિલાએ જણાવ્યું કે, તેમના લગ્ન જીવન ને ૨૦ વર્ષ જેટલો સમય થયેલ છે. સંતાન માં બે દીકરીઓ છે. તેમના પતિને ધંધા માં ખોટ આવતા પતિ પર દેવું વધી ગયેલ છે. મારા બધા ઘરેણાં પતિ છે. જયારે પણ પતિને ઘરેણાં વિશે પૂછું કે ઘર ખર્ચ માટે પૈસા આપવા નું કહું એટલે મારો પતિ ત્રાસ આપે છે. મારી દીકરીની કોલેજની ફી પણ ભરાતી નથી ને દિકરીના અભ્યાસ પર ખરાબ અસર પડી રહી હોવાનું મહિલાએ આપવીતી કરતા જણાવ્યું હતું.

અભયમ ટીમના બહેનોએ ઘટના સ્થળ પર પીડિતા બહેનના પતિને મળી તેમની સાથે વાતચીત કરી. પતિનુ કાઉન્સિલિંગ કરતા બાળકોના ભવિષ્ય વિશે વિચારવા પતિ તરીકેની ફરજ વિશે સમજાવ્યું. સાથોસાથ કાયદાકીય માર્ગદર્શન આપી ભવિષ્યમાં તેના દુરોગામી પરિણામો અંગે ચેતવી શાંતિનો માર્ગ અપનાવવા સમજાવ્યું. જે બાદ પતિ,પત્ની વચ્ચે સુખદ સમાધાન ૧૮૧ ની ટીમ દ્વારા કરાવી આપવામાં આવ્યું. પીડિત મહિલાના પતિએ પોતાની ભુલ સ્વીકારી પત્નિ,અને બાળકો પ્રત્યેની પોતાની બધી જવાબદારી નિભાવશે તેવી બાંહેધરી આપી હતી.

સમાજને પ્રેરણારૂપ કિસ્સામાં ૨૦ વર્ષના દામ્પત્ય જીવનમાં ખાટામીઠા પ્રસંગોનું અંતિમ સુખરૂપ મીઠાસ અને સુમેળભર્યું આવતા ફરી એક વખત અભયમ ની ૧૮૧ હેલ્પલાઇન ખરા અર્થમાં સાર્થક બની છે.

# ૨૪ જુલાઈએ યોજાશે જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજય સરકાર દ્વારા જિલ્લા કક્ષાનાં પ્રશ્નોના જિલ્લામાં જ નિરાકરણ મળી રહે તે માટે ‘‘ફરિયાદ નિવારણ કાર્યક્રમ’’ નું આયોજન કરવામા આવે છે. જે અંતર્ગત આગામી સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૦૭/૨૦૨૫નાં રોજ યોજાનાર છે. આ કાર્યક્રમ માટેનાં જિલ્લા કક્ષાના પ્રશ્નો ફરિયાદો તા.૧૦-૦૪-૨૦૨૫ સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને પહોંચતા કરવા અરજદારોને જણાવવામાં આવે છે.

જિલ્લા સ્વાગત માટેની અરજીમાં મથાળે ‘‘જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ‘‘ લખવાનું રહેશે. લાંબા સમયથી આખરી નિકાલ આવતો ન હોય તેવા પડતર પ્રશ્નો જ આ કાર્યક્રમમાં મોકલવા તથા અગાઉ સંબંધિત ખાતામાં કરેલ રજુઆતનો આધાર રજુ કરવો, તેમના તરફથી આપવામાં આવેલ જવાબ / પ્રત્યુતરની ઝેરોક્ષ નકલ અરજી સાથે રાખવાની રહેશે. અગાઉ રજુ કરેલ પ્રશ્ન બીજી વખત રજુ કરવામાં આવે તો પ્રશ્ન ક્રમાંક, માસનું નામ લખવું.પ્રશ્ન કે અરજીમાં પ્રશ્ન કર્તાનું પુરુ નામ, પુરેપુરુ સરનામું અને ફોન નંબર લખવાનો રહેશે. અરજીમાં અરજદારની સહી હોવી જરૂરી છે.

અરજી સ્પષ્ટ અને મુદ્દાસર સમજી શકાય તેવા આધારો સાથે મોકલવાની રહેશે, અલગ-અલગ વિષય દર્શાવતા પ્રશ્નો, અલગ-અલગ અરજીઓમાં મોકલવાના રહેશે. સરકારી કર્મચારીના નોકરીને લગતા પ્રશ્નો અને કોર્ટમાં ચાલતા પ્રશ્નો રજુ કરી શકાશે નહીં. પ્રશ્ન અરજદારશ્રીનો પોતાનો હોવો જોઈએ, બીજાનો પ્રશ્ન ધ્યાને લેવાશે નહીં. કોર્ટ મેટર, ચાલતા દાવાઓ, આક્ષેપો, અંગત રાગ-દ્વેષને લગતા પ્રશ્નો ધ્યાને લેવાશે નહીં. તાલુકા કક્ષાના પ્રશ્ન માટે સબંધિત મામલતદારને અરજી ક ર વા ા ન ી રહેશે.તા.૧૦/૦૭/૨૦૨૫ બાદ આવેલ પ્રશ્નો કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહી જેની દરેક અરજદારોએ ખાસ નોંધ લેવી.

તા.૧૦-૦૭-૨૦૨૫ બાદ આવેલ કે અસંદિગ્ધ અને અસ્પષ્ટ રજુઆતવાળી, નામ સરનામાં વગરની કે વ્યકિતગત આક્ષેપોવાળી તેમજ અરજદારનું હિત સંકળાયેલ ન હોય તેવી તથા કોર્ટ મેટર, આંતરિક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે નોકરી, પ્રથમ વખતની અરજી પર કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં જેની અરજદારોએ ખાસ નોંધ લેવા જનસંપર્ક અધિકારી, જિલ્લા કલેકટર કચેરી, રાજકોટની યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# મકાન ભાડે આપતા પહેલા ભાડુઆતની સંપૂર્ણ વિગતો પોલીસમાં આપવાના આદેશો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા અને બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા અને કોઈનું મકાન ભાડે રાખીને રહેતા અસામાજિક તત્વોની અનિચ્છનીય પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા માટે રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજ ભાડે આપતા માલિકો માટે રાજકોટના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમ ફરમાવેલ છે.

કોઈ ઔદ્યોગિક એકમો/ મકાનો/ ઓફિસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજના માલિક અગર તો આ માટે આવા એકમના મકાનમાલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિઓ/સંચાલકો જયારે ઔદ્યોગિક એકમો/ મકાનો/ ઓફિસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધિત પોલિસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યખક્તિને ભાડે આપી શકશે નહીં. ભાડે આપનાર તથા રાખનાર વ્યક્તિએ નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાર કરાવવાના રહેશે. ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને જેઓએ ભાડુઆતની ઓળખાણ આપી હોય તે તમામની જરૂરી વિગતો નિયત કરેલા પત્રકમાં જરૂરી માહિતી ભરી સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાનું રહેશે. આ હુકમ સમગ્ર રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૩૧/૦૮/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટ શહેરમાં પરવાનગી વગર ચાર કરતા વધુ લોકોના ભેગા થવા તેમજ સભા-સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં આગામી દિવસોમાં યોજાનારા ધાર્મિક શોભાયાત્રાઓ અને તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમો તેમજ આતંકવાદી પ્રવૃતિઓને ધ્યાને લઈને સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, તે માટે પરવાનગી વગર જાહેર જગ્યા ખાતે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, સભા બોલાવવા કે ભરવા ઉપર અને સરઘસ કાઢવા ઉપર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ પ્રતિબંધ જાહેર કર્યો છે.

આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ આદેશ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં. હુકમનો ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર છે.

# રાજકોટ શહેરમાં હથિયારબંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ધાર્મિક શોભાયાત્રા, વિવિધ તહેવારોની ઉજવણી તેમજ વિવિધ રાજકીય પક્ષો અને સંગઠનો દ્વારા રેલી, ધરણા જેવા કાર્યક્રમો યોજાતા હોય છે. જેને ધ્યાને લઈને કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે અને અનિચ્છનીય બનાવો ન બને, તે માટે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા છે.

જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં શસ્ત્રો, તલવાર, ભાલા, ખંજર, છરી સહિતના શારીરિક ઈજા કરી શકાય તેવા હથિયારો તેમજ સ્ફોટક પદાર્થ સાથે રાખીને ફરવા પર પ્રતિબંધ ફરમાવ-ાયો છે. જાહેર જગ્યાએ પરવાનાવાળા હથિયારો લઈ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે સમુદાયમાં લઈ જવા તેમજ પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીના કમીઓએ ફરજ સમય સિવાય લાયસન્સવાળા હથિયારો લઈ જવા પર પ્રતિબંધ છે. પથ્થરો અને શસ્ત્રો ફેંકવાના સાધનો એકઠા કરવા તથા સરઘસમાં પેટાવેલી મશાલો લઈ જવા તેમજ પુતળા બાળવા-લટકાવવા તથા લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા, જીઝેક ચપ્પુઓ સાથે રાખવાની મનાઈ છે. ઉપરાંત, સુરૂચિનો ભંગ થતો હોય અથવા રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવા, નકલ કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો તૈયાર કરવા અને તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ મુકાયો છે.

ઉલ્લેખનીય છે કે સરકારી અને અર્ધસરકારી કર્મચારી કે જેને ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, વૃદ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય તેમજ સક્ષમ સત્તાધિકારી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલી હોય તેવી વ્યકિતઓને આ જાહેરનામું લાગુ પડશે નહીં. આ જાહેરનામું તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટ શહેરમાં જાહેર સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા અંગે આદેશ ફરમાવતા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તમામ બેંકો, તમામ એ.ટી.એમ.સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ડાયમંડના ઝવેરાત વેચનાર દુકાનો, શોરૂમ, તથા શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટર, કોમર્શીયલ સેન્ટર, કોમર્શિયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બૉર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, આંગડિયા પેઢીના વ્યવસાયિકો તથા શોપીંગ મોલ, હોટેલ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોના પ્રવેશદ્વારો ઉપર પુરતા પ્રમાણમાં તાલીમબદ્ધ સિક્યોરિટી ગાર્ડને મેટલ ડીટેક્ટર સાથે ફરજ પર નિયુકત કરવાના રહેશે.

પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર પર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગ તથા જાહેર જનતા માટેના પ્રવેશની તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં ગેઈટવાઈઝ સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય અને વાહનના નંબર વાંચી શકાય તેવા તથા બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવાના રહેશે. આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સાચવવાના રહેશે. આ કેમેરા સતત ૨૪ કલાક સુધી ચાલુ રહે, તે જોવાની જવાબદારી માલિકો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓની રહેશે. પોલીસ દ્વારા જ્યારે જયારે સી.સી.ટી.વી. ફૂટેજ માંગવામાં આવે ત્યારે ત્યારે કોઈપણ પ્રકારના વિલંબ વગર સી.સી.ટી.વી. ફૂટેજ આપવાના રહેશે. મોલ પાર્કિંગમાં વાહન, પેસેન્જર, સામાન ચેકિંગ તેમજ મોલમાં આવનાર લોકો અને તેમના સામાનની પ્રવેશદ્વારે ચકાસણીની વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી મોલ માલિકની રહેશે. મોલ માલિકોએ પ્રતિબંધિત સામાન, સ્ફોટક પદાર્થો ન આવે તે કાળજી રાખવા તથા તે માટે સ્નિફર ડોગની વ્યવસ્થા રાખવા જણાવેલ છે. સી.સી.ટી.વી. કેમેરાની અને સિકયોરિટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉકત એકમોએ આ જાહેરનામાની પ્રસિધ્ધિથી દિન-૭માં કરવાની રહેશે. નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે. આ આદેશો તા.૩૧/૦૮/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કરનાર શિક્ષાને પાત્ર થશે.

# કુવાડવાના આણંદપર બાઘી ગામે યુવાનનું બેભાન હાલતમાં મોત

### માણાવદરમાં અકસ્માતે દાઝેલા મહિલાનો જીવનદીપ બુઝાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવાના આણંદ પર બાઘી ગામે રહેતા ૩૮ વર્ષના યુવાનનું બેભાન થઈ જવાથી મોત નીપજ્યું હતું. આ અંગે કુવાડવા પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી કરી હતી.

આ અંગેની વિગતો મુજબ આણંદ પર બાકી ગામે રહેતા ઝવેર દિલીપભાઈ સોલંકી નામના ૩૮ વર્ષના યુવાન નું બેભાન થઈ જવાથી મોત નીપજ્યું હતું. ઝવેરભાઈ ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને બે ભાઈ બે બહેનમાં મોટા હતા તેમજ તેઓને સંતાનમાં ત્રણ દીકરા હતા.તેમને દારૂ પીવાની કુટેવ હોવાનું પરિવારે જણાવ્યું હતું. જ્યારે બીજા બનાવમાં માણાવદરમાં રહેતા દક્ષાબેન ઠાકરશીભાઈ વાળોદરા કઈ તા.૧૪/૪ ના રોજ પોતાના ઘરે અકસ્માતે દાઝી ગયા હતા જેનું સારવાર દરમિયાન મૃત્યુની ભર્યું હતું. મહિલાના મોતથી પરિવારમાં શોક છવાયો છે.

# એકરંગ સંસ્થાની 30 મનોદિવ્યાંગ દીકરીઓને સિલાઈ તથા બ્યુટીપાર્લરની તાલીમ અપાઈ

### 30 દીકરીઓએ કોર્સ પૂર્ણ કરતા પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૮૦ ફૂટ રોડ પર અમૂલ સર્કલ પાસે આવેલી એકરંગ સંસ્થાની ૩૦ મનોદિવ્યાંગ દીકરીઓને એન.એસ.આઈ.સી. ટેકનિકલ સેન્ટર રાજકોટના સહયોગથી સિવણ તથા બ્યુટીપાર્લરના કોર્સની વ્યાવસાયિક તાલીમ પૂરી પાડવામાં આવી છે. આ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરનારી મનોદિવ્યાંગ દીકરીઓનો સન્માન સમારોહ તથા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ ગતરોજ યોજવામાં આવ્યો હતો જેમાં દિવ્યાંગોના સશક્તિકરણ અને આત્મનિર્ભરતા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય મનોદિવ્યાંગ દીકરીઓને કૌશલ્યવાન બનાવી તેમને સમાજમાં સન્માનજનક સ્થાન પ્રાપ્ત કરવામાં મદદ કરવાનો હતો. આ અવસરે સંસ્થાના પ્રમુખ દીપીકાબેન પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ૧૩૦ મનોદિવ્યાંગ દીકરીઓને વિનામૂલ્યે તાલીમ, શિક્ષણ, મેડિકલ, વિવિધ થેરાપી, અર્લી ઈન્ટરવેન્શન પ્રોગ્રામ, ભોજન અને ઈત્તરપ્રવૃત્તિ દ્વારા સર્વાંગી વિકાસ કરવાની નેમ લીધી છે. આ કાર્યક્રમમાં જનરલ મેનેજર તથા સેન્ટર હેડ ઉપેન્દ્રકુમાર કોહલી, એન.એસ.આઈ.સી. રાજકોટના ચીફ મેનેજર સુભાશીષ દાસ, એકરંગ સંસ્થાના ટ્રસ્ટીઓ, સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મેટોડામાં પુત્રીની છેડતી મુદ્દે ઠપકો આપતા પિતા ઉપર મામા-ભાણેજ સહિતના શખ્સોનો હુમલો

### હુમલામાં ઘવાયેલા આધેડને સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે મેટોડા જીઆઈડીસીમાં રહેતા આધેડે પુત્રીની છેડતી કરતા શખ્સને ઠપકો આપતા મામા-ભાણેજ સહિતના શખ્સોએ આધેડને ઇંટ વડે મારમારતા તેમણે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મેટોડા જીઆઈડીસી ગેઈટ નંરમાં રહેતા શંભુભાઈ ભીખાભાઈ સોલંકી (ઉ.વ.૪૮) નામના આધેડ ઘર પાસે હતા ત્યારે રણછોડ અને તેના ભાણેશ સુભાષ તથા તેની સાથેના શખ્સોએ ઝઘડો કરી ઢીકા પાટુ અને ઇંટ વડે માર મારતા તેમણે ઈજા ગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી મેટોડા પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં આરોપી સુભાષ તેમની પુત્રીની છેડતી કરતો હોય જે બાબતે ઠપકો આપતા મામા-ભાણેજ સહિતના શખ્સોએ હુમલો કરી મારમાર્યાનું જાણવા મળ્યું છે.

# મહિકામાં સરકારી જમીન પર ૧૯૦થી વધુ ગેરકાયદે દબાણો કલેક્ટરને રિપોર્ટ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભાવનગર રોડ પર આવેલા મહિકા ગામમાં સરકારી પ્લોટ પર ૧૯૦થી વધુ પાકા મકાનો ગેરકાયદેસર રીતે ખડકાઈ ગયા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે તાલુકા મામલતદાર દ્વારા દબાણકારોને નોટિસ પાઠવવામાં આવી હતી અને તેમની રજૂઆતો પણ સાંભળવામાં આવી હતી. હવે મામલતદાર દ્વારા આ અંગેનો વિગતવાર રિપોર્ટ રાજકોટ કલેક્ટરને સુપરત કરવામાં આવ્યો છે. તાલુકા મામલતદાર મકવાણાએ પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ નજીક આવેલા મહિકા ગામના સર્વે નંબર ૨૮૩ પૈકીની જમીન સરકારી માલિકીની છે. આ સરકારી જમીનના પ્લોટ ગેરકાયદેસર રીતે વહેંચી દેવામાં આવ્યા હોવાનું સામે આવતા જ તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આ જગ્યા પર ૧૯૦થી પણ વધુ પાકા મકાનોનું દબાણ થઈ ગયું છે. મામલતદાર મકવાણાએ વધુમાં જણાવ્યું હતું કે, તમામ પ્લોટ ધારકોને નોટિસ પાઠવીને તેમના ખુલાસા સાંભળવ-ામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વિગતવાર રિપોર્ટ કલેક્ટરને પણ મોકલી દેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ડિમોલેશનની આગામી દિવસોમાં ડિમોલીશનની તૈયારી કાર્યવાહી માટે ચોમાસા હોવાથી મંજૂરી મેળવવામાં આવશે. જો મંજૂરી મળશે તો, આગામી એક મહિનાની અંદર જ આ ૧૯૦ ગેરકાયદેસર મકાનોના ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

# ગુરુપ્રસાદ ચોક પાસે ત્રિવેણીનગરમાં કચરો લેવા મુદ્દે ટીપરવાનના ચાલક પર ત્રિપુટીનો હુમલો

### મારી ડોલ પહેલા લે તેમ કહી માર માર્યાના આક્ષેપ સાથે યુવાનને સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારના ગુરુપ્રસાદ ચોક પાસે ત્રિવેણીનગરમાં કોર્પોરેશનની કચરાગાડી કચરો લેવા માટે ગઇ હતી ત્યારે અજાણયા ત્રણ શખ્સોએ કચરા ગાડીના ડ્રાઇવરને મારી ડોલ પહેલા લે’ તેમ કહી ધોકા વડે મારમારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા રોડ પર રહેતો અને કોર્પોરેશનની કચરાગાડીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતો અલકેશ રમેશભાઈ શિંગાળીયા (ઉ.વ.૧૯) નામનો યુવાન આજે સવારે કચરાગાડી લઈ કચરો ભરવા માટે જતો હતો દરમિયાન ગુરુપ્રસાદ ચોક પાસે ત્રિવેણીનગર શેરી નં.૩માં કચરો લેવા ગયો હતો ત્યારે અજાણાયા ત્રણ શખ્સોએ ઝઘડો કરી ’મારી ડોલ પહેલા લે’ તેમ કહી ધોકા વડે હુમલો કરી મારમાર્યો હતો. જેથી ઇજાગ્રસ્ત હાલતમાં તેણે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી માલવીયાનગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઇ વધુ તપાસ હાથ ધરી છે.

# નેહરુનગરમાં વ્યાજખોરના ત્રાસથી કંટાળી યુવકે વખ ઘોળ્યું

### આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયા રોડ નહેરુનગર નજીક રહેતા યુવાને વ્યાજખોરના ત્રાસથી ઝેરી દવા પી લઈ આપઘાત નો પ્રયાસ કરતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ, નેહરુનગર શેરી નંબર બે માં રહેતા અને મૂળ જામનગરના વતની રિયાઝ કરીમભાઈ ખલીફા નામના ૩૯ વર્ષના યુવાને બપોરે ઝેરી દવા પી લેતા તેમને સારવાર માટે સિવિલમાં ખસેડાયો હતો. હાલ આ મામલે ગાંધીગ્રામ પોલીસે રિયાઝનું નિવેદન લેવા તજવીજ શરૂ કરી છે.




રિયાઝ ચાર ભાઈ એક બહેનમાં નાનો અને ડ્રાઈવિંગ કામ કરે છે તેમજ પોતે ગાડી લે વેન્ચનું કામ કરે છે. તેમને સંતાનમાં એક પુત્ર પણ છે રિયાઝને પૈસાની જરૂરિયાત હોય જામનગરના વ્યાજખોર પાસેથી પૈસા વ્યાજે લીધા હતા અને તે વ્યાજખોરો તેમને હેરાન કરતા કરતા હોય જેથી જામનગરમાં અગાઉ ફરિયાદ પણ કરી હતી.તેમણે વ્યાજખોરના ત્રાસથી જ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

# શાપરમાં પત્ની સાથે ઝઘડો થતા પતિનો એસીડ પી આપઘાતનો પ્રયાસ

### આંબેડકરનગરમાં યુવાને ફિનાઈલ ગટગટાવ્યું; સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં કારખાનામાં કામ કરતા યુવાને પત્ની સાથે ઝઘડો થતા લાગી આવવાથી એસીડ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવારમાં ખસેડવામાં આવ્યો છે. જયારે આંબેડકરનગરમાં રહેતા યુવાને અગમ્ય કારણોસર ફિનાઈલ પી લેતા તેને સારવારમા ખસેડાયો છે.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મુળ યુપીનો વતની અને હાલ શાપર વેરાવળમાં કારખાનામાં રહી કામકરતો મનિષ સરોજ (ઉ.વ.૨૫)નામના યુવાને કારખાનાની ઓરડીમાં હતો ત્યારે એસીડ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં પત્ની સાથે ઝઘડો થતા આ પગલુ ભરી લીધાની જાણવા મળ્યું છે.

જયારે બીજા બનાવમાં ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતા જયદિપ રુપેશભાઈ પરમાર (ઉ.વ.૧૯)નામના યુવાને ગત રાતે પોતાના ઘરે અગમ્ય કારણોસર ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# એસ્ટ્રોન નાલા પાસે બાઈક સ્લીપ થતાં શિક્ષકનું સારવારમાં મોત

### પરિવારમાં વૃધ્ધના મોતથી શોકનું મોજું ફરી વળ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયારોડ વિસ્તારમાં રહેતા શિક્ષક મિત્રની આ ફિશ ના દસ્તાવેજમાં સાક્ષી તરીકે સહિ કરવા રજીસ્ટ્રાર કચેરીએ જતા હતા ત્યારે એસ્ટ્રોનના નાલા પાસે બાઈક સ્લીપ થતાં ગંભીર ઈજા પહોંચતા ખાનગી હોસ્પિ.માં ખસેડાયા હતા. જયાં ટુંકી સારવાર દરમ્યાન શિક્ષકે હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

રૈયા રોડ આલાપ ગ્રીન સીટીમાં રહેતાં અરવિંદભાઈ શીવાભાઈ મણવર ઉ.૬૩ ગત.તા.૨૬મીએ સવારે દસેક વાગ્યે ઘરેથી પોતાનું બાઈક હંકારી યાજ્ઞિક રોડ પર સબ રજીસ્ટ્રાર કચેરીમાં મિત્રની ઓફિસના દસ્તાવેજમાં સાક્ષી તરીકે સહિ કરવા માટે જઈ રહ્યા હતા. ત્યારે એસ્ટ્રોનના નાલા પાસે બાઈક સ્લીપ થઈ જતાં ગંભીર ઈજા પહોંચતા તાકિદે ખાનગી હોસ્પિ.માં ખસેડાયા હતા.જયાં ટુંકી સારવાર દરમ્યાન હોસ્પિ.ના બિછાને દમ તોડી દીધો હતો.બનાવના પગલે એ ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ લાભુભાઈ જતાપરા સહિતનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરતા મૃતક ખાનગી સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતાં.તેમજ ત્રણ ભાઈ-બહેનમાં વચેટ હતા. સંતાનમાં પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના કર્મચારીનો લાંચ લેવાના ગુન્હામાં જામીન પર છુટકારો

ફરીયાદી લોકરક્ષક તરીકે ટ્રાફીક શાખા પોલીસ વિભાગમાં નોકરી કરે છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફરીયાદી બલભદ્રસિંહ ટીનુભા જાડેજા ધ્વારા રાજકોટ શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ આપવામાં આવેલ કે તા.૧૦/૩/૨૫ ના રોજ તેઓ સૌરાષ્ટ્ર યુની. ના પરીક્ષા વિભાગ ખાતે ગયેલ અને તેઓને બી.એ.સેમ.-૬ (એટીકેટી) ની પરીક્ષાનું ફોર્મ ભરવાનું હોય જેથી તેઓ ત્યાં ગયેલ હતા ત્યાં બે વ્યકિતઓ હાજર હતા જેનું નામ તેઓને ખબર નથી તેઓએ સદરહુ પરીક્ષાના ફોર્મ ભરવા માટે કોલેજ ખાતે જવાનું કહેલ ત્યારબાદ તા.૧૧/૩/૨૫ ના રોજ તેઓ એમ.પી.શાહ કોલેજ સુરેન્દ્રનગર ખાતે ગયેલ અને ત્યાં કોલેજના કલાર્ક મોરીભાઈને મળેલ અને યુની. ગયાની


ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા

વાત કહેલ તેમજ ફોર્મ ઓનલાઈન પોર્ટલ પરથી એકસેસ કરી દેશે અને ત્યાં જઈ હરેનભાઈને ફોન પર વાત કરવાનું કહેલ જેથી મોરીભાઈએ જણાવેલ કે તેઓ પાસે હીરેનભાઈના ફોન નંબર નથી જેથી ફરીયાદીએ સિધ્ધરાજસિંહ ઝાલા મારફત હિરેનભાઈના નંબર મેળવી ફોન કરેલ હતો જેથી હિરેનભાઈએ કહેલ કે મને ડાયરેકટ કેમ ફોન કર્યો અને મારા નંબર કયાંથી મેળવ્યા તેમ કહી ફોન કાપી નાંખેલ હતો. ત્યારબાદ ફરીયાદીએ આ સિધ્ધરાજસિંહને વાત કરતા સિધ્ધરાજસિંહએ કહેલ કે મારું નામ આપી તમો તેની સાથે વાત કરી લ્યો જેથી સિધ્ધરાજસિંહનો રેફરન્સ આપતા હીરેનભાઈએ વાત કરેલ અને તેઓએ જણાવેલ કે તમારા ફોર્મનું કામ ત્યાં કોલેજથી નહી થાય તમારે રૂબરૂ સૌ.યુની. આવી ફોર્મ ભરવું પડશે અને તે માટે જરૂરી ડોકયુમેન્ટો લાવવાનું જણાવેલ ત્યારબાદ બીજા દીવસે તા.૧૨/૩/૨૫ ના રોજ ફરીયાદી સૌ.યુની. ખાતે ગયેલ અને હીરેનભાઈને મળેલ અને હીરેનભાઈને કહેલ કે કાલે વાત થયેલ હતી તે મુજબના ડોકયુમેન્ટો લઈને આવેલ છું જેથી હીરેનભાઈએ કહેલ કે તમારે તમારી પરીક્ષાનું ફોર્મ ભરવું હોય તો મારી સાથે રૂા.૫,૦૦૦/- નો વહીવટ કરવો પડશે તેમ વાત કરેલ જેથી ફરીયાદીએ સિધ્ધરાજસિંહને ભલામણ કરવા અંગેની વાત કરેલ ત્યારબાદ સિધ્ધરાજસિંહએ કહેલ કે હિરેનભાઈને તમારી ભલામણ કરી દીધેલ છે તે તમારું કામ કરી દેશે.

તા.૧૨/૩/૨૫ ના સાંજના તેઓને આ હિરેનભાઈને રકમ આપવી ન હોય જેથી તેઓના મોબાઈલ નંબર પરથી વ્હોટસઅપ કોલ કરી અને તેના મીત્ર યજ્ઞદીપસિંહ પરમારનો બાજુમાં ફોન રાખી અને તેમાં સદરહું વાતચીતનું રેકોર્ડીંગ કરેલ હતું અને તેઓને રકમ બાબતે તથા ફોર્મ ભરવા બાબતે નકકી થયેલ અને રૂા.૫,૦૦૦/- માંગણી કરેલી હતી તે આપવાનું નકકી થયેલ અને ફરીયાદી લાંચ આપવા માંગતા ન હોય જેથી ફરીયાદી એ.સી.બી. પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે ગયેલ હતા.ત્યારબાદ એ.સી.બી. ના અધિકારીઓ સાથે સદરહું બનાવ અંગે વાતચીત કરેલ અને ફરીયાદીએ એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી હતી. સદરહું બનાવ બાબતે રાજકોટ શહેર એ.સી.બી. પોલીસ ધ્વારા તા.૧૩/૩/૨૫ ના રોજ ફરીયાદી બલભદ્રસિંહ ટીનુભા જાડેજાની પ્રાથમીક ફરીયાદ લીધેલ.

ત્યારબાદ સદરહું ફરીયાદ અન્વયે એ.સી.બી. પોલીસ સ્ટેશન ધ્વારા પ્રાથમીક પંચનામું અને પ્રાથમીક ફરીયાદ નોંધી તા.૧૯/૩/૨૫ ના રોજ ટ્રેપ ગોઠવવામાં આવેલ અને નકકી થયા મુજબ ટ્રેપ ગોઠવેલ અને ત્યારબાદ બધા ટ્રેપીંગ અધિકારી તેમજ પંચો તેમજ ફરીયાદી બધા ગાડીમાં બેસી લાંચની રકમ આપવા માટે સૌ.યુની. પોલીસ સ્ટેશન જવા રવા થયેલ અને ત્યારબાદ નકકી થયા મુજબ રૂા.૫૦૦૦/- આ રકમ આરોપી હિરેનભાઈને આપવાનું કહેતા તેઓ ત્યાં હાજર ન હોય તેઓને બે થી ત્રણ વખત ફોન કરેલ ત્યારબાદ હીરેનભાઈ આવતા તેઓને રકમ આપવા જતા તેઓએ જણાવેલ કે અહી નહી ચાલો મારી સાથે તેમ કહી સીડી ઉતરતા સદરહું રકમ ફરીયાદીએ આરોપી હીરેનભાઈને આપેલ અને ત્યારબાદ ઈશારો કરતા એ.સી.બી. પોલીસ સ્ટેશનના અધિકારીઓ ત્યાં પહોંચતા હીરેનભાઈ નીકળી ગયેલ અને તેઓ મળી આવેલ નહી જેથી થોડીવારમાં હીરેનભાઈ સીડી ચડતા હોય એ.સી.બી. પોલીસના અધિકારીઓ ધ્વારા તેઓને પકડી લેવામાં આવેલ ત્યારબાદ સદરહું રકમ બાબતે તેઓને પુછપરછ કરતા તેઓ પાસેથી રકમ મળી આવેલ નહી પરંતુ ફરીયાદીને શંકા જતા આરોપી આ રકમ કનૈયા ચા તથા પાનની દુકાને આપી આવેલનું જાણવા મળતા ત્યાંથી પોલીસ ધ્વારા સદરહું લાંચની રકમ રીકવર કરવામાં આવેલ હતી.

સદરહું ગુન્હા અનુસંધાને રાજકોટ એ.સી.બી. પોલીસ સ્ટેશન ધ્વારા આરોપી હીરેનભાઈ જગદીશભાઈ પદવાણીની અટક કરી જેલ હવાલે કરેલ હતા.

બાદમાં સદરહું ફરીયાદ અનુસંધાને પોલીસ ધ્વારા વિવિધ પંચનામાઓ કરી સાહેદોના નીવેદનો નોંધી મુદામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ નામદાર અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ હતું. ચાર્જશીટ બાદ આરોપી હીરેનભાઈ જગદીશભાઈ પદવાણી ધ્વારા રાજકોટ સેશન્સ અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી જે જામીન અરજી નામદાર અદાલત ધ્વારા રદ કરવામાં આવેલ હતી ત્યારબાદ તેઓ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી.

આરોપીને આ ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમજ તા.૧૦/૩/૨૫ ના બનાવ અંગેની ફરીયાદ તા.૧૯/૩/૨૫ ના રોજ આપવામાં આવેલ છે તેમજ જે મુદામાલ મેળવવા અંગે લાંચ માંગવાની ફરીયાદીએ ફરીયાદ કરેલ છે તે મુદામાલ અંગેની લાંચની રકમ તેઓ પાસેથી રીકવરી થયેલ નથી તેમજ તેઓ ધ્વારા કોઈપણ જાતની રકમની માંગણી કરેલ ન હોવા છ્તા તેઓને ખોટી રીતે ખોટા કેસમાં ફીટ કરી દેવામાં આવેલ છે, તમામ તપાસ પુર્ણ થઈ ગયેલ છે તેમજ રીકવરી ડીસ્કવરી પુર્ણ થઈ ગયેલ છે હાલ તપાસના કામે આરોપીની કોઈ જરૂરીયાત રહેતી નથી તેવા સંજોગોમાં આરોપીને જામીન મુકત કરવા જોઈએ તેવી દલીલો કરવામાં આવેલ.બચાવપક્ષની દલીલો અને પોલીસ તપાસના કાગળો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અનિતાબેન ઈશ્વરભાઈ વાઘેલાને શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલ હતો.

આ કામમાં ગુજરાત હાઈકોર્ટમાં વિશાલભાઈ આણંદજીવાલા તથા રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, જય અકબરી તથા યશેશ ખેર એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# ન્યાઝની પ્રસાદી લેવા ઉભેલા ૭ લોકોને નસેડી ઈકો કારના ચાલકે ઉલાળ્યાઃ ત્રણ ગંભીર

ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા; અકસ્માત સર્જનાર ચાલક વિરુદ્ધ નોંધાતો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેશરી હિન્દ પુલ પર ગઈકાલે પુરપાટ ઝડપે આવેલી એક ઈકો કારે છબીલ પર ન્યાઝની પ્રસાદી લેવા ઉભેલા સાત લોકોને હડફેટે લીધા હતા. જેમાં બે બાળકો સહિત ત્રણ ને ગંભીર ઈજા થઈ હતી.ઈજાગ્રસ્તમાં બે બાળકો અને એક વૃદ્ધને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ચાલક જાહિદ હનિફ શેખ (રહે. સદર બજાર, ફૂલછાબ ચોક, રાજકોટ ) સામે પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો હતો.આ ઉપરાંત પીધેલાનો ગુનો દાખલ પણ કર્યો હતો.ઈજાગ્રસ્તોમાં ગફારભાઈ હાસમભાઈ ગોરી (ઉં.વ.૬૦), નવાબ




હુસેનભાઈ ચૌહાણ (ઉં. વ.૯) અને બાળકી મન્નત ગુલામહુસેન ઘોરી (ઉં. વ. ૩)ને ગંભીર ઈજા હોય સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

નરસંગપરામાં રહેતા ઈજાગ્રસ્ત ગફારભાઈ હાસમભાઈ ગોરી (ઉ.વ.૬૦)એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું મારા પરિવાર સાથે રહું છું. ટેક્સી ડ્રાઈવિંગનું કામ કરું છું. રાત્રિના નવેક વાગ્યાની આસપાસ હું અમારા લતાની સામે મોસ્લી લાઈન કેસરી પુલ પાસે મહોરમ તાજીયા નિમિતે છબીલે ન્યાઝ રાખેલ હોય હું ઢોસાની પ્રસાદી લેવા માટે ગયેલ હતો. ત્યાં હું લાઈનમાં ઉભો હતો ત્યારે એક ઈકો ચાલક પારેવડી ચોક તરફથી કાર ફુલ સ્પીડમાં ચલાવી આવેલ અને અમારી સાથે ટક્કર મારતા હું રોડ ઉપર પડી ગયેલ તથા બીજા પણ એક - બે બાળકો નીચે પડી ગયેલા અને ત્યાં હાજર છબીલ કમિટીના સભ્યોએ તે કાર ચાલકને પકડી લીધો હતો.કોઈકે ૧૦૦ નંબર પર તથા કોઈકે ૧૦૮ માં ફોન કરેલ હતો. મને પગમાં ખૂબ દુખાવો થતો હતો તથા મેં જોયેલ તો એક છોકરાને હાથમાં તથા પેટના ભાગે વાગેલું જોયેલ હતું. મને ખુબ દુઃખાવો થતો હોય મારો એમ્બ્યુલન્સમાં મને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ લઈ આવેલ હતા. મારા જમણા પગે નળાના ભાગે, ઘૂંટણના ભાગે તથા સાથળના ભાગે ફેક્ચર થયેલ હોવાનું તથા ડાબા પગના સાથળના ભાગે ફેંક્ચર થયેલ હોવાનું ડોક્ટર મારફતે જાણવા મળ્યું હતું. અકસ્માત કરનાર ઈકોના નંબર જીજે-૦૩- ઈઆર -૦૦૫૮ છે. જે બાળકને ઈજા થયેલ છે તેનું નામ નવાબ હુસેન ચૌહાણ છે તેને પેટે તથા જમણા હાથે કોણીના ભાગે ઈજા થયેલ છે તે પણ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# રાજકોટમાં અકસ્માત થયાનું કહી પૈસા પડાવનાર શખ્સની ધરપકડ

સ્કૂટર પર આવેલા શખ્સે વેપારી પાસેથી નુકશાન થયાનો ખર્ચ માંગી ૨૦ હજાર રૂપિયા પડાવ્યા'તા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં એટ નામની પેઢી ધરાવતાં ભાર્ગવભાઈ હસમુખભાઈ ચાંગેલા (ઉ.વ.૪૨)ની કાર સાથે અકસ્માત થયાનું જણાવી ટુ વ્હીલર પર આવેલા અજાણ્યા શખ્સે ડરાવી, ધમકાવી રૂા.૨૦ હજાર પડાવી લીધાની માલવીયાનગર પોલીસ મેથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે માલવીયા નગર પોલીસ સ્ટાફે આરોપીને ઝડપી તમામ રોકડ રીકવર કરી હતી.

મેલબોર્નથી એમબીએનો અભ્યાસ કરનાર ભાર્ગવભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે ગઈ તા. ૨૭ના રોજ ભક્તિનગરથી હોન્ડા સિટી કાર લઈ ઘરે જતા હતા ત્યારે નાના મવા સર્કલ પાસે સિલ્વર હાઈટસની બાજુમાં તેની ડ્રાઈવર સીટની ડાબી બાજુ દરવાજા પાસે અજાણયા ટુ વ્હિલર ચાલકે હાથમાં પહેરેલા કડાથી મુક્કા મારવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં હાથના ઈશારાથી તેની કાર રોકવાનું કહ્યું હતું.પરંતુ ટ્રાફિક હોવાથી આગળ જઈ કાર ઉભી



રાખતાં તે શખ્સે આવી ગાળો ભાંડી કહ્યું કે તમે મારા બાઈકમાં તમારી ગાડીનું એક્સીડન્ટ કર્યું છે. જેની સામે તેણે દલીલ કરી હતી.જેથી તે શખ્સે કહ્યું કે નાના મવા રોડ મારા બાપનો છે, આ રોડ પર મારો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે, મારા એકટીવામાં ભલે નુકસાન ન થયું હોય, પરંતુ તારે પૈસાનો વહીવટ કરવો જ પડશે. બાદમાં તેને મારી નાખવાની ધમકી આપી હતી.

જેને કારણે જીવનું જોખમ લાગતાં તેણે રૂા.૫-૧૦ હજાર આપવા તૈયારી બતાવી હતી. પરંતુ તે શખ્સે રૂ. ૨૦ હજારની માગણી કરતાં તેણે તે રકમ આપી દીધી હતી. આ પછી તે શખ્સે કહ્યું કે તારી પાસે કેટલી પ્રોપર્ટી છે,કેટલા વીઘા જમીન છે, વર્ષની આવક કેટલી છે તેવા સવાલો પુછી વધુમાં કહ્યું કે તારી પાસે મોટી ગાડી છે એટલે તારો બીઝનેસ મોટો લાગે છે. તારા મોબાઈલ નંબર મને આપ.જેથી તેણે મોબાઈલ નંબર આપી મેટર પુરી કરવાનું કહ્યું હતું. પુરંતુ તે શખ્સે કહ્યું કે હું તને ગમે ત્યારે ફોન કરૂ તો મારી ઓફિસે હાજર થવું પડશે. બાદમાં તે શખ્સ જતો રહ્યો હતો. ઘરે પરિવારજનોને વાત કરતાં ફરિયાદ કરવાનું કહ્યું હતું પરંતુ તેણે

જાનનું જોખમ જણાતા ના પાડી હતી. આખરે પિતાએ હિંમત આપતાં ફરિયાદ નોંધાવી હતી આ મામલે માલવીયા નગર પોલીસ મથકનાં પીએસઆઈ એમ. જે. ઘાઘલ, એએસઆઇ હિરેનભાઈ પરમાર, હેડ કોન્સ્ટેબલ ચિત્રકેતુસિંહ ઝાલા અને મનીષભાઈ સોઢીયા સહીતનાં સ્ટાફે બાતમીનાં આધારે તેમજ સીસીટીવી ફુટેજથી આરોપીને ઓળખ મેળવી મવડી ફાયર બ્રીગેડ પાસેથી ખીજડાવાળા મેઈન રોડ પર આવેલા માયાણીનગર શેરી નં ૨ માં રહેતા કરણસિંહ મહીપતસિંહ ખેરડિયાને ઝડપી લીધો હતો. આરોપીને પૈસાની જરુર હોય માટે અકસ્માતનુ નાટક કરી પૈસા પડાવ્યા હોવાની કબુલાત આપી હતી.

# લોધીકાના દેવડા ગામે પાઈપ બનાવતી કંપનીમાંથી થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

ટેબલનો લોક તોડી ૫.૫૦ લાખની ચોરી કરનાર ચડ્ડી-બનીયાનધારી ગેંગનો સાગરીત ઝડપાયોઃ ત્રિપુટી હજુ ફરાર, રૂ.૧.૫૫ લાખનો મુદામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર આવેલ શ્રીનાથ પાર્કમાં રહેતા ૪૮ વર્ષીય વેપારી સુરેશભાઈ શીવજીભાઈ મારકણાએ ૫.૫૦ લાખની ચોરી અંગે ૩ અજાણ્યા શખસો સામે ફરીયાદ નોંધાવતા રૂરલ એલસીબીએ સીસીટીવી આધારે તસ્કરનું પગેરૂ મેળવી રાજકોટ સહિત રાજયભરમાં તરખાટ મચાવનાર ચડ્ડી-બનિયાનધારી ગેંગના સાગરીતને દબોચી રૂ.૧.૫૫ લાખનો મુદામાલ કબજે કરી ફરાર ત્રિપુટીની શોધખોળ હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે લોધીકાના દેવડા ગામ જવાના રસ્તે કામધેનું પોલીપ્લાસ્ટના નામે પી.વી.સી. પાઈપ અને ફીટીંગ્ઝનું કારખાનું ભાગીદારીમાં ચલાવે છે કંપનીમા માર્કોસ બ્રાંડના પાઈપ્સ

અને તેના ફિંટીગ્સનુ મેન્યુફેક્ચરીંગ થાય છે આ મટીરીયલ યુ.પી., બિહાર તથા રાજસ્થાન સહિતના રાજ્યોમાં મોકલવામાં આવે છે ગઈ તા.૨૩ના સાંજે હું તથા ભાગીદારો ઘરે જતા રહ્યા હતા બાદ તા.૨૪ ના સવારે સાતેક વાગ્યે કંપનીમાં રસોયા તરીકે કામ કરતા સુરેશભાઈ સોલંકીનો ફોન આવેલ કે, આપણા રસોડાના દરવાજાના લોક કોઇએ તોડેલ છે જેથી રેસ્ટરૂમમાં ઉંઘતા ભત્રીજા મહેશભાઈને ફોન કરી જાણ કરી હતી જેથી તેણે બહાર નિકળીને જોયુ તો ઓફીસના દરવાજા પણ તુટેલી હાલતમાં મળી આવ્યા હતા. જેથી તુરત જ બધા ભાગીદારો દોડી જઈ ઓફીસમાં ચેક કરતા ભાગીદાર પંકજભાઈએ ટેબલના ખાનામા રાખેલ બેગ જેમાં ૫.૫૦ લાખ રાખ્યા હતા તે બેગ મળી આવેલ નહી જેથી સીસીટીવી ચેક કરતા તા.૨૪ના રાત્રીના ૦૧/૧૫ વાગ્યાથી ૦૧/૪૫ દરમ્યાન ત્રણ અજાણ્યા શખ્સો મોઢે કાળુ કપડુ બાંધી લોક તોડી ઉપરના માળે ચડી પૈસા ભરેલી બેગ લઈને જતા જોવા મળ્યા હતા મેટોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરેલ દરમ્યાન આ ગુનાનો ભેદ ઉકેલવા રૂરલ એલસીબી ટીમે પણ તપાસમાં ઝપલાવી નેત્રમમાં શંકાસ્પદ વાહન જોવા મળેલ જેથી આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ મેળવી માજુ મેઘજીભાઈ બામણીયાને દબોચી રૂ.૧.૫૫ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. જયારે ફરાર મુકેશ મળીયા ભાંભોર, રાજવીર ભરતભાઈ ભાંભોર અને નીતીન ગોપસીંગ મોહનીયા સહિતની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં મહિલાને હદયરોગનો હુમલો આવતા મોત

આજી વસાહતમાં પરિણીતાનું અચાનક ઢળી પડતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાર્ટ અટેક થી શહેરમાં વધુ એક મોત નીપજ્યું છે. રાજકોટ શહેરના ભગવતીપરા વિસ્તારમાં રહેતા એક ૫૦ વર્ષના મહિલાને રાત્રિના સમયે છાતીમાં દુખાવો ઉપડતા તેમને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ અંગેની વિગતો મુજબ ભગવતીપરામાં રહેતા મૈજુબેન કાંતિભાઈ ઉધરેજીયા નામના ૫૦ વર્ષના મહિલા રાત્રિના સમયે પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં તબીબો એ મૃત જાહેર કર્યા હતા અને તેમને હાર્ટ એટેક આવ્યો હોવાનું જણાવ્યુ હતું. તેમને સંતાનમાં પાંચ દીકરી અને ત્રણ દીકરા હોવાનું જાણવા



મળી રહ્યું છે તેમજ તેઓ ના પતિ નું બે વર્ષ પહેલા અવસાન થયું હતું તેના ટેન્શનમાં આ એટેક આવ્યો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. આ મામલે બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે જરૂરી કાગળો કરી આવ્યા હતા

જ્યારે બીજા બનાવમાં આજી વસાહત વિસ્તારમાં આવેલા ખોડીયાર નગર ના ના રહેતા નૈનાબા શક્તિસિંહ ઝાલા નામના ૩૫ વર્ષના મહિલાનું અચાનક બેભાન થઈ જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

# સાપરાધ મનુષ્યવધના ગુનામાં ત્રણ આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારતી અદાલત

કુવાડવા રોડ પર નવ વર્ષ પહેલાં બાઈક અથડાવવા મુદ્દે થયેલા હુમલામાં યુવકનું મોત નીપજ્યું'તું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર ૨૦૧૬માં બાઈક અથડાવવાના મુદ્દે થયેલી હત્યાના ગુનાનો કેસ ચાલી જતા કોર્ટે વધુ એક આરોપીને સાપરાધ મનુષ્ય વધની કલમ હેઠળ તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે, રોહીદાસપરામાં રહેતો દિલીપભાઈ સાગઠીયા ગઈ તા.૧૫-૬-૧૬ના તેના મોટાબાપુના દિકરા મહેન્દ્ર કેશુભાઈ સાગઠીયા સાથે બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે કુવાડવા રોડ પર કમલ પાનની દુકાન ન પાસે બાઈક અથડાવવાના મુદ્દે અને ખર્ચ માંગવાની બાબતે સૂરિયો, ગોવિંદ, ચિરાગ ઉર્ફે ચીનો અને નરેશ મનસુખ ચુડાસમાએ ગુપ્તીથી હુમલો મલો કરતા મહેન્દ્ર સાગઠીયાનુંનું મોત નિપજતા બનાવો હત્યામાં પલટાયો હતો. દિલીપ કાળાભાઈ સાગઠીયા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ સામે હત્યા, હત્યાની કોશિશ અને કાવતરાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. જેમાં સૂરીયા, ગોવિંદ અને નરેશ ચુડાસમાની ધરપકડ કરવામાં આવી હતી તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરતા કેસની સુનાવણી ચાલવા પર આવી હતી આ કેસ ચાલી જતા એડીશનલ સેશન્સ જજ બંને પક્ષોની દલીલો, રજૂઆતો બાદ પુરાવાને ધ્યાને લઈ આરોપી નરેશ ઉર્ફે કાળુ મનસુખભાઈ ચુડાસમા, ગોવિંદ ઉર્ફે ગોવો નારણભાઈ મનવર અને સુરિયા ને કલમ ૩૦૪ પાર્ટ એકમાં તકસીરવાનું ફેરવી ૧૦ વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો બાદ ચિરાગ ઉર્ફે ચીનાની ધરપકડ કરવામાં આવી હતી અને તપાસ દ્વારા પુરવણી ચાર સીટ રજૂ કરવામાં આવ્યું હતું જે કેસની જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે બીનલબેન રવેસીયા હાજર રહી ફરિયાદી સાહેદોની જુબાની લેવામાં આવેલી અને ફરિયાદને સમર્થન કરેલું તમામ સાહેદ અને જુબાની દસ્તાવેજી પુરાવા લીસ્ટ અને એફ એસ એલ રિપોર્ટ ધ્યાનમાં લેતા તેમજ સરકાર પક્ષની દલીલ ધ્યાને લઈ અદાલતે ચિરાગ ઉર્ફે ચિનાને તકસીરવાન ઠરાવી આઈ.પી.સી. કલમ ૩૦૪ હેઠળ ૧૦ વર્ષની, ૩૦૯ હેઠળ ૭ વર્ષની, ૧૨૦ (બી) હેઠળ સાત વર્ષની, ૩૪૧ હેઠળ ૧ માસની, ૩૮૭ અને ૫૦૬ (૨) હેઠળ પાંચ-પાંચ વર્ષની કેદની સજાનો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકારપક્ષ તરફથી એ.પી.પી. બીનલબેન રવેશીયા રોકાયા હતા.

# લોકમેળાના નામે કોન્ટ્રાકટર સાથે ૨૩.૪૦ લાખની ઠગાઈ

ગત વર્ષે વરસાદના વિઘ્ન વચ્ચે મેળો બંધ રહેતા ટેન્ડર મેળવનાર શખ્સે રકમ પરત નહિ કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનો લોકમેળો ૨૦૨૪ની સાલમાં રદ થયા બાદ ચાર ચકડોળના પ્લોટ માટે આપેલા રૂ. ૨૩.૪૦ લાખ કોન્ટ્રાકટર વિરેન્દ્રસિંહ મંગળસિંહ ગોહેલ (રહે. રાધે પાર્ક શેરી નં.૧, રેલનગર) ઓળવી ગયાની ફરિયાદ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાઈ છે.જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે.

માણાવદરમાં રહેતાં એન મેળાઓમાં રાઈડ રાખવાનું કામ કરતાં પૃથ્વીરાજ પંચાલ (ઉ.વ.૨૫)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૦૨૪ની સાલમાં રાજકોટના રેસકોર્સ મેદાનમાં ધરોહર મેળો યોજાયો હતો. જેનું ટેન્ડર વિરેન્દ્રસિંહને મળ્યું હતું. જે પેટા કોન્ટ્રાકટ આપતો હોવાથી ચકડોળના ચાર પ્લોટ લેવા માટે તેનો સંપર્ક કરતાં એક પ્લેટના રૂ.૫.૮૫ લાખ રીતે રૂા.૨૩.૪૦ લાખ આપવાનું કહ્યું હતું.

જેથી ગઈ તા.૨૩-૮-૨૦૨૪ના રોજ રેસકોર્સ મેદાને જઈ અન્યલોકોની હાજરીમાં તેને રૂા.૨૩.૪૦ લાખ આપ્યા હતા. જે લોકમેળા સમિતિમાં જમા કરાવતાં તેને ચાર પ્લોટ ફાળવાયા હતા. જેના એલોટમેન્ટ લેટર વિરેન્દ્રસિંહના નામના આવ્યા હતા. ભારે વરસાદને કારણે લોકમેળો રદ થતાં તંત્રએ રિફંડ આપવાની જાહેરાત કરી હતી. ગઈતા.૮-૧૨-૨૦૨૪ થી તા.૧૨-૧૨-૨૦૨૪નાર રોજ વિરેન્દ્રસિંહના ખાતામાં રિફંડની રકમ આવી ગઈ હતી. જેથી તેને રૂ. ૧૧ લાખનો ચેક આપ્યો હતો. બાકીની રકમ રોકડમાં આપી દેવાનું કહ્યું હતું. પરંતુ ચેક રીર્ટન થતાં તેણે વકીલ મારફતે નોટીસ મોકલાવી હતી. પરંતુ વિરેન્દ્રસિંહે તેનો કોઈ જવાબ આપ્યો ન હતો. હજૂ સુધી રોકડ રકમ પણ ચૂકવી ન હોવાથી આખરે તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# સ્પીડવેલ સર્કલ પાસે પણ ઓટલા બનાવી દબાણ,૪૧.૬૭ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ

મવડીમાં ટી.પી. પ્લોટમાં થઈ ગયેલા સાડા ચાર હજાર ચો.મી.ના દબાણો તોડી પડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાપાલિકા દ્વારા વેસ્ટ ઝોન કચેરી પાસે આવેલા વોર્ડ નં.૧૧ અને૧૨ના ટી.પી. પ્લોટ ઉપર દબાણ થઈ ગયું હોય તેને તોડી પાડી ૪૫૬૪ ચો.મી. જમીન કિંમત રૂ.૪૧.૬૭ કરોડની જગ્યા ખુલ્લી કરાવવામાં આવી હતી. બંને વોર્ડ નં.૧૨માં મવડીમાં નંદનવન અનેરાધિકા પાર્ક પાસે ટી.પી. સ્કીમ નં. ૨૧ ના અંતિમ ખંડ ૮/એ સોશિયલ ઈન્ફાસ્ટ્રકચર માટે અનામત રખાયેલા પ્લોટમાં ૨ મકાન,૧ રૂમ,૧ વંડો બનાવીને ૨૬૪૫ ચો.મી.




જમીનમાં દબાણ કરી દેવામાં આવ્યું હતું. મનપાએ આ પ્લોટ ઉપરથી દબાણ દૂર કરીને રૂ.૨૨.૪૮ કરોડની જમીન ખુલ્લી કરાવી હતી.

આવી જ રીતે વોર્ડ નં.૧૧માં ટી.પી. સ્કીમ નં.૨૪ મોટામવામાં સ્પીડવેલ સર્કલ સામેના પ્લોટમાં ઓટલાનું બાંધકામ કરીને ૧૯૧૯ ચો.મી. જમીન

કરી લેવામાં આવ્યું હતું. આ દબાણ ઉપર મનપાએ બૂલડોઝર ફેરવી તોડી પાડીને જમીન ખુલ્લી કરાવી હતી.કુલ ૪૫૬૪ ચો.મી. જમીન કિંમત રૂ.૪૧.૬૭ કરોડની ખુલ્લી કરાવવામાં આવી હતી. ડે. કમિશનર નંદાણી, સિટી ઈજનેર કુતેશ મહેતા, સિતાપરા વિગેરેએ આ કામગીરીમાં જોડાયા હતા. વિજીલન્સ તેમજ રોશની અને જગ્યા રોકાણ સહિતની ટીમો હાજર રહી હતી. ડિમોલિશન સમયે ટોળા ઉમટયા હતા પણ કોઈ અનિચ્છનીય બનાવ નહિ બનતા મનપાની ટીમોએ રાહતની લાગણી અનુભવી હતી.

# ફલેટ પર કબજો કરનાર મહિલા સામે લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ

વૃધ્ધાએ ભાડે આપેલો ફલેટ પચાવી પાડતા પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેસકોર્ષ પાર્કમાં વૃધ્ધાનો ફલેટ ભાડે રાખનાર મહિલાએ ફફલેટ ખાલી નહીં કરી કબજો કરી લેતાં આ મામલે કલેકટર સમક્ષ લેન્ડગ્રેબીંગ હેઠળ થયેલી અરજીનાં આધારે વૃધ્ધાનો ફલેટ પચાવી પાડનાર મનહર પ્લોટમાં રહેતી મહિલા સામે લેન્ડગ્રેબીંગ હેઠળ ગુનો નોંધાયો છે. આ મામલે પ્રધ્યુમનનગર પોલીસે વધુ તપાસ શરૂ કરી મહિલાને સકંજામાં લીધી છે.

આ અંગેની મળતી વિગતો મુજબ, નાના મવા રોડ પર લક્ષ્મી સોસાયટી શેરી નં.૪ 'ધરતી' મકાનમાં રહેતા ૬૧ વર્ષિય અમુબેન સંજયભાઈ ચાવડાનો રેસકોર્ષ પાર્કમાં બિલ્ડીંગ નં.૧૦માં પ્રથમ માળે ૧૦૧ નંબરનો ફલેટ વર્ષ ૨૦૨૨માં મનહર પ્લોટ શેરી નં.૧૧/૧૫ 'શુભલાભ' એપાર્ટમેન્ટમાં રહેતાં અમિતાબેન ઉર્ફે અમિબેન કિશોરભાઈ

ઉર્ફે કિશોરકુમાર શાહને ભાડેથી આપ્યો હતો. અમુબેનના ફલેટમાં ભાડેથી રહેતા અમિતાબેને આ ફલેટ ઉપર કબજો કરી લીધો હતો. ભાડા કરાર પૂર્ણ થવા છ્તાં નવો ભાડા કરાર કરાવ્યો ન હતો અને કોઈપણ જાતનું ભાડુ પણ ચુકવ્યું ન હતું. અને ફરિયાદીના માલિકીનો ૨૨ લાખની કિંમતનો ફલેટ પચાવી પાડી તેના પર કબજો કરી લીધો હતો. આ મામલે અમુબેને કલેકટર ઓફિસ ખાતે લેન્ડગ્રેબીંગ હેઠળ અરજી કરી હતી. જેની સુનાવણી બાદ આ મામલે કલેકટર દ્વારા પ્રધ્યુમનનગર પોલીસમાં ફરિયાદ નોંધવા માટે હુકમ કરતાં ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ની કલમ ૩,૪ (૧) હેઠળ અમિબેન શાહ વિરૂધ્ધ ગુનો નોંધાયો છે. પોલીસે તેને સકંજામાં લીધા છે.